# શિક્ષાપત્રી સાર





પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# શિક્ષાપત્રી સાર

લેખનકાર્ય

સાહિત્ય લેખન વિભાગ

SMVS

પ્રકાશક

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ,
ગાંધીનગર - ૩૮૨૦૦૭

# શિક્ષાપત્રી સાર


| | |
|---|---|
| **રજૂકર્તા** | શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)** |
| **પ્રકાશક** | સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ<br>સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર-૩૮૨૦૦૭ |
| **પ્રેરણામૂર્તિ** | પ.પૂ.અ.મુ.સદ્.શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી<br>(ગુરુવર્ય પ.પૂ.બાપજી) |
| **આવૃત્તિ** | અષ્ટમી, જૂન-૨૦૧૫ |
| **પ્રત** | ૨૦,૦૦૦ નંગ, **કુલ પ્રત :** ૧,૦૦,૦૦૦ નંગ |
| **મૂલ્ય** | ₹ ૧૦/- |
| **સેવા મૂલ્ય** | ₹ ૬/- |

(સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના અનુદાનથી ઘટાડેલ સેવા મૂલ્ય)

## પ્રસ્તાવના

આપણા સૌના ઈષ્ટદેવ એવા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સર્વે આશ્રિતો માટે, વડતાલ મુકામે સ્વહસ્તે, સં. ૧૮૮૨ના મહા સુદ ૫ (વસંતપંચમી)ને દિવસે આ શિક્ષાપત્રી લખી છે, જે સર્વના જીવનું હિત કરનારી છે. પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે સૌએ વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહીં.

વળી, શ્રીજીમહારાજે સ્વમુખે કહ્યું છે કે, ''આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે એ રીતે પરમ આદર થકી માનવી.

માટે જે અમારાં આશ્રિત પુરુષો અને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે, તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે અને જે બાઈ, ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે, તો તે અમારા સંપ્રદાય થકી બહાર છે એમ જાણવું.''

શ્રીજીમહારાજે આવા ભારપૂર્વક શબ્દોથી સ્વયં પોતે આ આજ્ઞાપત્રીરૂપ શિક્ષાપત્રી આપી છે. તેના સારરૂપ આ આજ્ઞાઓ સૌએ નિત્ય પ્રત્યે પૂજામાં વાંચવી અને તે પ્રમાણે નિરંતર ખટકાપૂર્વક વર્તવાનો આગ્રહ રાખવો તો આપણા ઈષ્ટદેવ એવા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન જરૂર રાજી થશે.


આ સિવાય, જીવાત્માના આત્યંતિક કલ્યાણને અર્થે જ અને એકમાત્ર શ્રીજીમહારાજને રાજી કરવા જ આ સત્સંગ સ્વીકાર્યો છે, ત્યારે સ્વામિનારાયણ ભગવાનના અત્યંત પ્રસન્નતાના સાધનરૂપ, એમના સ્વરૂપની સર્વોપરી શુદ્ધ ઉપાસના સમજવી ને દૃઢ કરવી ફરજિયાત છે, જે એકડાને ઠેકાણે છે અને વધુ પ્રસન્નતાને અર્થે તથા દિવ્યજીવન જીવવાને અર્થે આ આજ્ઞાઓ જાણવી ને પાળવી એ પણ એટલી જ ફરજિયાત છે.

શ્રીજીમહારાજે આ માટે 'સત્સંગિજીવન' આદિ ગ્રંથોમાં ગૃહસ્થને તથા ત્યાગીને પંચવર્તમાનરૂપી આજ્ઞાઓ કરેલી છે. તે શ્રીજીમહારાજના તમામ નાનામોટા, ગૃહસ્થ

કે ત્યાગી આશ્રિત ભક્તોએ ખૂબ સાવધાનીપૂર્વક પાળવી. જે આજ્ઞાઓ ત્રિકાળાબાધિત કહેતાં ત્રણે કાળમાં તથા કોઈ પણ દેશમાં હરિભક્તોને પાળવી ફરજિયાત હોય છે. માટે તે જાણી, વિચારી તે મુજબનું દિવ્યજીવન બને તે માટે અહીં સૌપ્રથમ શ્રીજીમહારાજનાં આપેલાં પંચવર્તમાન આપવામાં આવ્યા છે. જેમાં શિક્ષાપત્રીની ઘણી આજ્ઞાઓનો સમાવેશ થઈ જાય છે. તદુપરાંત શિક્ષાપત્રીની આજ્ઞાઓ અહીં સાર રૂપે આપી છે. તેનો નિત્ય પ્રત્યે સત્સંગીમાત્રએ પાઠ કરવો અને મનન-ચિંતન કરી, સ્વઅધ્યયન કરી, કસરમાત્ર ટાળી, ખટકાપૂર્વક તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરવો.

**- સાહિત્ય લેખન વિભાગ**

## પ્રકાશિત આવૃત્તિની વિગત



## અનુક્રમણિકા

૧. નિત્યપૂજા..........................૯
૨. ગૃહસ્થ હરિભક્તોનાં પંચવર્તમાન..૧૮
૩. અન્ય વિશેષ આજ્ઞાઓ...........૪૦
૪. ત્યાગી સંતોનાં પંચવર્તમાન........૪૬
૫. સૂતક તથા રજસ્વલા ધર્મ...........૫૪
૬. ક્રિયાશુદ્ધિઓ.......................૬૪
૭. શ્રી શિક્ષાપત્રી......................૭૨
૮. દૈનિક પ્રાર્થના.....................૯૯
૯. માનસીપૂજા......................૧૦૮
૧૦. મહાપૂજા વિધિ...................૧૧૨

HOME





● SMVS સિદ્ધાંત સૂત્ર ●

**સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ**

# નિત્ય પૂજા

"સૌએ પ્રાતઃકાળમાં સ્નાન કરીને ભગવાનની પૂજા કરવી અને પછી જ બીજો ધંધો કરવો."

- ગ.પ્ર. ૪૮મું વચ.

## નિત્યપૂજા - માર્ગદર્શન

- નિત્ય પ્રત્યે સવારમાં વહેલા ઊઠી, સ્નાનાદિક ક્રિયા પૂર્ણ કર્યા બાદ પવિત્ર થઈ શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ એક શુદ્ધ વસ્ત્ર (ધોતી) પહેરવું અને એક વસ્ત્ર (ઉપરણી) ઓઢવું તથા પૂર્વ મુખે અથવા ઉત્તર મુખે પૂજા કરવા બેસવું.
- પૂજા કરવા પોતાને બેસવા માટે એક આસન પાથરવું તથા મહારાજ માટે ઓછાંમાં ઓછાં બે આસન પાથરી તેના ઉપર પૂજા માટે મૂર્તિઓ પધરાવવી.
- સૌપ્રથમ ભાલની મધ્યમાં સ્વામિનારાયણ ભગવાનના

પ્રતીક સમાન તિલક કરવું અને તિલકના મધ્યમાં મુક્તના પ્રતીક સમાન કુમકુમનો ચાંદલો કરવો. આ જ રીતે ચંદન વડે બંને હાથ ઉપર તથા છાતીના મધ્યભાગમાં પણ ચંદનનાં તિલક અને ચાંદલો કરવાં.

- સ્ત્રીઓએ ભાલમાં ફક્ત કુમકુમનો ચાંદલો કરવો, પણ તિલક કરવું નહીં.
- નેત્ર બંધ કરી માનસીપૂજા કરવી. જેમાં માનસિક દિવ્ય રૂપે મહારાજને જગાડવા. પછી શૌચ-દાતણ આદિ ક્રિયા કરાવવી તથા ઋતુ પ્રમાણે મહારાજને ઠંડા-ઊના જળથી સ્નાન કરાવવું. ત્યારબાદ સુંદર કીમતી વસ્ત્ર-અલંકારો ધારણ કરાવી સિંહાસન પર બિરાજમાન કરવા અને આરતી કરવી. ત્યારપછી કેસર, ઇલાયચીયુક્ત દૂધ સાથે મહારાજને અલ્પાહાર કરાવવો.
- શ્રી સહજાનંદ સ્વામી, જીવનપ્રાણ અબજીબાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીઓની મૂર્તિને પ્રગટભાવથી પૂજામાં સ્થાપન કરી, આહ્‌વાન મંત્ર બોલવો :

**: આહ્‌વાન મંત્ર :**

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિન્ધો સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ ભગવન્ દેવ સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજા કરિષ્યામિ, સદા ત્વં સન્મુખો ભવ ॥

- પૂજામાં મૂર્તિઓ પધરાવવાનો ક્રમ આ રીતે રાખવો : ૧. શ્રી સહજાનંદ સ્વામી, ૨. ધ્યાનની મૂર્તિ, ૩. બાપાશ્રી, ૪. સદ્. ગોપાળબાપા, ૫. સદ્. નિર્ગુણબાપા, ૬. સદ્. ઈશ્વરબાપા, ૭. સદ્. વૃંદાવનબાપા, ૮. સદ્. મુનિબાપા.
- ત્યારબાદ મૂર્તિ સામે એકાગ્ર ચિત્તે જોઈ મણકે મણકે 'સ્વામિનારાયણ...' મહામંત્રનું રટણ કરતાં પાંચ માળા ફેરવવી. પાંચ માળા ઉપરાંત છઠ્ઠી માળા ગુરુમંત્રની ફેરવવી. આપણો ગુરુમંત્ર છે - "અહમ્ અનાદિમુક્ત સ્વામિનારાયણ દાસોસ્મિ..." એક એક મણકે આ મંત્રોચ્ચાર મનથી કરી માળા કરવી. માળા ફેરવતી વખતે કે સમગ્ર પૂજા દરમ્યાન કાંઈ બોલાય

નહિ કે ઈશારો તેમ જ હાથના લટકા પણ થાય નહીં.

- ત્યારબાદ એક પગે ઊભા રહી સ્વામિનારાયણ મહામંત્રની એક માળા ફેરવવી.
- ત્યારબાદ પૂજાની મૂર્તિઓને કેન્દ્રસ્થાનમાં રાખી આપણી વૃત્તિઓને એમાં કેન્દ્રિત કરી પ્રદક્ષિણા સહિત સ્વામિનારાયણ મહામંત્રની એક માળા ફેરવવી.
- ત્યારબાદ મહારાજને પાંચ દંડવત પ્રણામ કરવા. દરેક દંડવત વખતે ઊભા થઈને પૂર્ણ સાષ્ટાંગ દંડવત કરવા. છેલ્લે ગઢડા મધ્યના ૪૦મા વચનામૃતમાં જણાવેલ આજ્ઞા મુજબ એક દંડવત પ્રણામ અધિક કરવો અને પ્રાર્થના કરવી : "હે મહારાજ ! કુસંગ થકી અમારી રક્ષા કરજો અને મારાથી મન-કર્મે કે વચને કરી જાણે-અજાણે પણ તમારો કે તમારા કોઈ મુક્તનો-ભક્તનો અપરાધ થઈ ગયો હોય તો ક્ષમા કરજો, જેના પ્રાયશ્ચિત્ત રૂપે એક દંડવત પ્રણામ અધિક કર્યો છે."
- દંડવત બાદ પ્રગટભાવે મહારાજની દિવ્ય મૂર્તિ સાથે વાતચીત કરવી : "હે મહારાજ ! હે દયાળુ ! આપ

રાજી તો છો ને ? આપનો ગાંડોઘેલો બાળ આપની સાથે કંઈક કાલીઘેલી વાત કરવા માગે છે તો દયાળુ કરશો ને ! દયાળુ, તમે મારી ઉપર કેટલી અનહદ કૃપા કરી ! કેવળ કૃપાથી આપ મને મળ્યા અને આપની યથાર્થ ઓળખાણ થઈ. એટલું જ નહિ, આપે કેવળ કૃપા કરી મને આપના જેવો પુરુષોત્તમરૂપ કરી મૂર્તિમાં રાખ્યો. આહાહા... કેવી કૃપા !!! હે દયાળુ ! આપે મારા ઉપર આટલી બધી કૃપા કરી તો હવે એ કૃપાને સાચવવા માટે કેટલો ખટકો રાખવો પડશે ! પણ સાચું કહું દયાળુ ! મને એવો ખટકો રહેતો નથી અને ગાફલપણું વધુ રહે છે. હું જાણું છું કે દયાળુ, તમે મારી ગાફલાઈથી રાજી નથી જ થતા. જુઓને મહારાજ, દયાળુ, આપના મુખના ભાવો પણ એવું જ જણાવે છે.

પણ !!! પણ દયાળુ, મારેય ગાફલપણું નથી રાખવું ! મારે પણ આપને રાજી જ કરવા છે. પરંતુ આ દેહભાવ છે એ મને આપને રાજી કરવામાં બહુ આડો આવે છે... તો દયાળુ, તમે આટલી બધી કૃપા

કરી એ ભેગી આ દેહભાવ ટળે એવી કૃપાય કરી દો ને ! આપને ક્યાં ખોટ છે ? ને અમારે ખોટનો પાર નથી. માટે દયાળુ દયા કરો ને ! ઓ દયાળુ દયા કરો ને ! કરો ને મહારાજ, આમ શું કરો છો ?

મહારાજ, હું જાણું છું કે તમે મારા દોષો ને ભૂલો સામે જુઓ તો દયા કરો જ નહીં... પણ આપે અત્યાર સુધીની મારી ભૂલો સામે ક્યાં જોયું જ છે... તો દયાળુ, હજુ એ બધું જોયા વગર કેવળ દયા જ વરસાવો તો અમે નભીએ એમ છીએ... માટે દયાળુ, અમારી ઉપર કૃપા કરો ને એવી રાજી કર્યાની ભૂખ ને ગરજ જગાવો... વળી, દયાળુ ! આપ મારી ભેળા નિરંતર છો જ તો નિરંતર અંતઃશત્રુઓ થકી મારી રક્ષા કરો... નિરંતર મને આપનું પ્રગટપણું–અંતર્યામીપણું વર્તે એવી દયા કરો... આપની આજ્ઞા–અનુવૃત્તિમાં નિરંતર વર્તાય એવી દયા કરો.

દયાળુ, મારે મારા દોષો ટાળવા છે પણ મારામાં દેહાભિમાન એટલું બધું છે કે મને મારા સ્વભાવ, દોષ

અને કસરો આ કશું જ દેખાતું નથી, ઓળખાતું નથી... તો આપ મને દિવ્યબુદ્ધિનો યોગ આપો. નિરંતર દેહના ભાવોથી વિરક્ત બની અખંડ મૂર્તિ રૂપે વર્તી શકું એવી દયા કરો... દરેક ક્રિયામાં પોતાપણાના ભાવ ભૂલી આપનું કર્તાપણું રાખી શકું એવી દયા કરો... અને અંતમાં આપના સત્પુરુષને વિષે મનુષ્યભાવ ન આવે તથા સંતો-ભક્તોના અભાવ-અવગુણ ન આવે એવી દયા કરજો... મને મહાપથારી સુધી નિભાવજો મહારાજ... નિભાવજો મહારાજ...''

શ્રીજીમહારાજ સાથે ઉપરોક્ત જણાવ્યા મુજબ વાતચીત સહજભાવે, ઉચ્ચ સ્વરે, ધીમા સ્વરે કે મૌન રીતે પણ કરી શકાય... આ વાતચીતમાં આપણે પૂજા દરમ્યાન અને દિવસ દરમ્યાન થયેલા કોઈ અપરાધની માફી માગી શકીએ તેમજ મહારાજ પાસે નિષ્કપટ પણ થઈ શકીએ... તથા મહારાજની રુચિમાં હોય તેવાં વ્યવહારિક કાર્યો-પ્રસંગો બાબતો અંગે ખુલ્લા

દિલે રજૂઆત-પ્રાર્થના કરી શકીએ.

- પછી મહારાજને અતિ સ્નેહથી થાળ બોલી પ્રસાદી ધરાવવી. ત્યારબાદ બે હાથ જોડી ગદ્‌ગદભાવે પ્રાર્થના કરવી : "હે મહારાજ, હે બાપા, હે સદ્‌ગુરુશ્રીઓ ! અહમ્-મમત્વરૂપી માયા થકી, ઈન્દ્રિયો-અંતઃકરણરૂપી શત્રુઓ થકી તથા દરેક પ્રકારના કુસંગ થકી રક્ષા કરજો. આપના અને આપના સત્પુરુષમાં સદાય દિવ્યભાવ રહે અને આપની આજ્ઞામાં સંપૂર્ણપણે વર્તાય તેવું બળ આપો. સદાય આપનું ગમતું પાત્ર બની રહું એવી કૃપા કરો... કૃપા કરો... કૃપા કરો..."

પ્રાર્થના કર્યા બાદ વિસર્જન મંત્ર બોલવો :

**: વિસર્જન મંત્ર :**

સ્વસ્થાનામ્ ગચ્છ દેવેશ, પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામ પ્રસિદ્ધિયર્થં પુનરાગમનાય ચ ।।

- આ ઉપરાંત જોડે જોડે પૂજા દરમ્યાન કંઈ ક્ષતિ-ત્રુટિ રહી ગઈ હોય, સેવામાં કસર રહી ગઈ હોય તે બદલ પ્રાર્થના કરવી.

- ત્યારબાદ ચરણસ્પર્શ કરી દરેક મૂર્તિઓને એકત્ર કરવી અને છેલ્લે 'શિક્ષાપત્રી સાર'માંથી બે શ્લોક, બાપાશ્રીની બે ટૂંકી વાતો, 'વચનામૃત સાર' તથા 'હરિને ગમે એવા થવું જ છે' પુસ્તિકાના આંશિક ભાગનું વાંચન-મનન કરી પૂજાની સમાપ્તિ કરવી.
- આ રીતે પૂજા પૂર્ણ થયા બાદ ઘરમંદિરમાં ઓછામાં ઓછા બે દંડવત પ્રણામ કર્યા બાદ જ બીજી ક્રિયાઓ કરવી.

●●●

# ગૃહસ્થ હરિભક્તોનાં પંચવર્તમાન

(સત્સંગિજીવન, શિક્ષાપત્રી તથા ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતની રહસ્યાર્થ ટીકાને આધારે)

## ૧ દારૂ વર્તમાન

**જે જોવાથી, ખાવાથી, પીવાથી, સાંભળવાથી કે માણવાથી ઇન્દ્રિયો-અંતઃકરણને કેફ કહેતાં નશો ચડે, એ તમામ વસ્તુ, પદાર્થ કે ક્રિયા દારૂ તુલ્ય ગણાય.**

- દા.ત. : ચા, કૉફી, બીડી, સિગરેટ, ગાંજો, અફીણ, તમાકુ, ગુટખા, માવા-મસાલા, પાન આદિ પદાર્થો તથા કોઈ પણ પ્રકારનો બીઅર કે અન્ય કોઈ પણ પ્રકારનો દારૂ એ પણ વર્જ્ય છે.

આ પદાર્થોનો ઉપયોગ કરવો તો નહિ, પણ

કરાવવો પણ નહીં.

- આલ્કોહોલિક દવાઓ પણ દારૂ તુલ્ય ગણાય.
- ટી.વી., સિનેમા, સિરિયલો, નાટક, સટ્ટા, જુગાર, ચોપાટ, લોટરી, સરકસ તથા હાલના ઈન્ટરનેટ આદિક આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા બીભત્સ કંઈ પણ જોવું, જાણવું વગેરે મનને નશો કરનાર છે, માટે તે પણ દારૂ તુલ્ય ગણાય.

## ૨ માટી વર્તમાન

**'માટી' એટલે માંસાહાર.**

**જેમાં સૂક્ષ્મ જીવજંતુઓનો સંસર્ગ હોય તથા જે શાસ્ત્રનિષિદ્ધ હોય તે તમામ પદાર્થ માટી તુલ્ય ગણાય.**

- જેમાં પ્રત્યક્ષ માંસ, ઈંડાં તથા માંસ અને ઈંડાં મિશ્રિત બનાવટો, વસ્તુઓ કે દવાઓનો

ઉપયોગ કરવો એ પણ માંસાહાર તુલ્ય છે.

- ગાળ્યા વગરનું પાણી, દૂધ, તેલ, ઘીના ઉપયોગથી પણ માટી વર્તમાન લોપાય છે.
- બજારમાં મળતાં ચૉકલેટ, બિસ્કિટ તથા ઠંડાં પીણાં, આઈસક્રીમ, કુલફી, વિવિધ કોલા આ બધાનો ઉપયોગ એ પણ માટી વર્તમાનનો લોપ જ છે.
- ચાળ્યા ને સાફ કર્યા વગરનાં અનાજ, લોટ, સૂક્ષ્મ જંતુઓ યુક્ત શાકભાજી તે પણ માંસ તુલ્ય છે. દા.ત. : ફુલાવર, અમુક ભાજી વગેરે...
- તમોગુણપ્રધાન અને અતિ ગંધયુક્ત વસ્તુ જેવી કે કાંદા (ડુંગળી), લસણ, હિંગ વગેરે પણ માટી વર્તમાનમાં વર્જ્ય છે. એ પણ આપણાથી જમાય નહીં.
- બજારમાં તૈયાર મળતી કેટલીક વાનગીઓ જેવી

કે ચીઝ, બ્રેડ, યીસ્ટ, પનીર આ બધું પણ માટી વર્તમાનમાં વર્જ્ય છે.

- ટૂંકમાં, ઘરમાં તો આ પદાર્થોનો ત્યાગ કરવો જ. આ ઉપરાંત બજારની તમામ ચીજવસ્તુઓ તથા લગ્નપ્રસંગોમાં કે બહાર જ્યાં નિયમ-ધર્મ પૂર્ણ રીતે સચવાતા ન હોય તેવી વસ્તુઓ ખાવાથી-પીવાથી આ વર્તમાન લોપાય જ. માટે સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા, સત્સંગીમાત્રએ બજારુ ખાણાં-પીણાંનો અવશ્ય ત્યાગ કરવો. જરૂર પડ્યે ઘરમાં જ ગાળી-ચાળીને, ઉપરના નિયમોનું પાલન કરી, વસ્તુ બનાવી, ઠાકોરજીને થાળ ધરાવી, પ્રસાદીની કરીને તેનો ઉપયોગ કરવો.
- અનિવાર્ય સંજોગોમાં બજારુ પાણીનો ઉપયોગ

કરવાનો થાય તો તેને ગાળીને પીવું જોઈએ.

## ૩ ચોરી વર્તમાન

**ચોરી એટલે માત્ર કોઈના ઘરમાંથી વસ્તુ લેવી એટલું જ નહિ, પણ એ સિવાય, કોઈની ધણિયાતી અલ્પ વસ્તુ પણ ધણીને પૂછ્યા વિના લેવી તે ચોરી ગણાય.**

આ ઉપરાંત ઘણી બધી બાબતોમાં ચોરી વર્તમાન લોપાતું હોય છે. જેના નિષેધ દ્વારા આ પ્રમાણે વર્તમાન પાળવું :

- કોઈની વસ્તુ ઝૂંટવીને કે પરાણે, પડાવીને ન લેવી.
- રસ્તામાં પડેલી વસ્તુ પણ ન લેવી.
- કોઈની થાપણ પડાવી ન લેવી.
- અણહક્કની વસ્તુ કે રકમ કોઈ આપે તોય ન લેવી.

- લાંચ-રુશવત લેવી, ભેળસેળ કરવી, ઓછું આપવું, દગો કરવો, કપટ કરવું વગેરેનો ત્યાગ કરવો.
- કોઈની બંધિયાર જગ્યા હોય ત્યાં પૂછ્યા વિના ઉતારો પણ ન કરવો.
- નોકરી કરતા હોય તો ક્યારેય કામચોરી કહેતાં સમયની ચોરી ન કરવી.
- સરકારી વસ્તુ કે લાઈટ, પાણી, ટેલિફોન વગેરે સેવાઓની ચોરી ન કરવી.
- ગેરકાયદેસર ધંધા, વ્યવસાય કે નોકરી ન કરવાં.
- **દેવની ચોરી :** કાયદેસર એવા ધંધા, વ્યવસાય, નોકરી કે ખેતીની ઊપજમાંથી દ્રવ્યની શુદ્ધિને અર્થે ઓછામાં ઓછો **૧૦ ટકા** કે વ્યવહારે અતિ દુર્બળ હોય તો **૫ ટકા ધર્માદો ફરજિયાત કાઢવો.**
- ભગવાને આપેલા સમયનો એટલે કે ઉંમરનો પણ

દશાંશ ભાગ ધર્માદો કાઢવો. અર્થાત્ એટલો સમય ભગવાનની-સંતોની સેવા તથા સમાગમ અર્થે અચૂક કાઢવો. જો એ સમય ન નીકળે તો ચોરી વર્તમાન લોપાય.

## ૪ અવેરી વર્તમાન

**અવેરી વર્તમાન એટલે બ્રહ્મચર્ય. ગૃહસ્થ ભલે સંસારમાં હોય તોપણ તેણે સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા આ પ્રમાણે બ્રહ્મચર્ય તો પાળવું જ પડે.**

- પુરુષે પરસ્ત્રી સામે કે સ્ત્રીએ પરપુરુષ સામે કુદૃષ્ટિ ન કરવી કે કુવિચાર ન કરવો.
- પુરુષે પરસ્ત્રી કે સ્ત્રીએ પરપુરુષનો સંગ ન કરવો.
- પુરુષે યુવાન અવસ્થાવાળી એવી પોતાની મા, બહેન કે દીકરી સામે દૃષ્ટિ માંડીને જોવું નહિ કે

એની સાથે એકાંત સ્થળને વિષે રહેવું નહીં.

- એ જ રીતે, સ્ત્રીએ યુવાન અવસ્થાવાળા એવા પોતાના બાપ-ભાઈ કે દીકરા સામું પણ દૃષ્ટિ માંડીને જોવું નહિ કે એની સાથે એકાંત સ્થળને વિષે રહેવું નહીં.
  (તો સ્વાભાવિક છે કે દૂરનાં સગાંસંબંધી, વિજાતિ મિત્ર કે પુરુષે અન્ય સ્ત્રી સાથે કે સ્ત્રીએ અન્ય પુરુષ સાથે દૃષ્ટિ માંડીને જોયાનો કે એકાંત સ્થળને વિષે રહ્યાનો નિષેધ હોય... હોય ને... હોય જ.)
- નાટક, સિનેમા, ટી.વી., ચૅનલો, સિરિયલો, ઇન્ટરનેટ તથા આજનાં આધુનિક ઉપકરણો દ્વારા પ્રદર્શિત નગ્ન, અર્ધનગ્ન, ચિત્ર-વિચિત્ર પરિધાને યુક્ત દૃશ્યો કે ચિત્રોને જોવાં એ પણ ખૂબ જ હાનિકારક છે. જેનો સત્સંગીમાત્રને નિષેધ છે. તેનો ખટકાપૂર્વક ત્યાગ રાખવો.

- વિકૃતિ જન્માવે તેવાં અને પોતાનાં અંગ દેખાય તેવાં ઝીણાં તથા ટૂંકાં વસ્ત્રો પહેરવાં નહિ અને પહેરેલાં હોય તેવાં દૃશ્યો જોવાં નહીં.
- ગરબા, પાર્ટીઓ અને ડિસ્કો તથા પોપ મ્યુઝિક જેવા કામુક, વૃત્તિઓને બહેકાવે તેવા પ્રસંગોમાં ભાગ લેવો નહિ કે હાજરી આપવી નહીં.
- બીભત્સ સાહિત્ય, લેખો, પુસ્તકો, મૅગેઝિનો જોવાં નહિ, વાંચવાં નહિ કે એવાં ચિત્રો-દૃશ્યો જોવાં નહીં.
- સ્ત્રીઓએ પોતાના રજસ્વલા ધર્મનું કડકપણે પાલન કરવું. ત્રણ દિવસ છેટા રહી, ચોથે દિવસે છોળે સ્નાન કરી બધે અડવું. જે અંગે વિશેષ 'સ્ત્રીઓએ પાળવાનો રજસ્વલા ધર્મ' તેમાં જણાવેલ છે.
- પોતાની સ્ત્રીનો પણ આસક્તિએ રહિત ઋતુ સમે

સંગ કરવો. તેમાં પણ એકાદશીઓ, તેના આગલા-પાછલા દિવસો, શ્રીજીમહારાજનો પ્રાગટ્ય દિવસ તથા તેના આગલા-પાછલા દિવસો, અમાસ, શ્રાવણ માસ, અધિક માસ, વ્રત-યજ્ઞાદિક સમૈયાના દિવસો તથા તીર્થસ્થાનો વગેરેમાં પોતાની સ્ત્રીનો પણ દેહે કરીને ત્યાગ રાખવો.

## ૫ વટલવું નહિ અને વટલાવવાં નહીં

**ન ખપતું હોય તેનું ખાવું નહિ અને જેને ન ખપે તેને ખવડાવવું નહીં. એટલે કે ધર્મ-નિયમે યુક્ત ન હોય તેના ઘરનું ખાવું-પીવું નહિ અને આપણા ઘરમાં ધર્મ-નિયમ સચવાતા ન હોય તો પાળનારને પરાણે ખવડાવવું-પિવડાવવું નહીં.**

આ પંચવર્તમાન ઉપરાંત શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાને નિર્દેશ કરેલ સારરૂપ આજ્ઞાઓનું પણ સ્વામિનારાયણ ભગવાનના શરણાગત ભક્તોએ અવશ્ય પાલન કરવું :

(૧) કોઈ પણ જીવ-પ્રાણીમાત્રની હિંસા ન કરવી અને જાણીને તો ઝીણાં એવાં જૂ, માંકડ, ચાંચડ આદિક જીવો તેમની પણ હિંસા ક્યારેય ન કરવી.

(૨) કોઈ મુશ્કેલી કે આફતમાં કે કંઈ અયોગ્ય આચરણ થઈ જાય તો મૂંઝાઈને કે પસ્તાઈને પણ કોઈ પ્રકારે આત્મઘાત તો ન જ કરવો. અને શસ્ત્રાદિકે કરીને પોતાના કે બીજાના કોઈ અંગનું છેદન પણ ન કરવું.

(૩) ધર્મ કરવાને અર્થે પણ કોઈએ કોઈ પ્રકારનું ચોરીનું કર્મ ન કરવું ને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ

આદિક વસ્તુ તે ધણીની આજ્ઞા વિના ન લેવી.

(૪) પોતાના સ્વાર્થને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો. ને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી.

(૫) કોઈની નિંદા, દ્રોહ કે અવગુણ-અભાવની વાત ક્યારેય ન કરવી કે ન સાંભળવી.

(૬) હંમેશાં અમારા ભક્તે સત્ય વચન જ બોલવું. છતાં જે સત્ય વચન બોલવે કરીને પોતાનો કે પારકાનો દ્રોહ થાય તેવું સત્ય વચન પણ ક્યારેય ન બોલવું.

(૭) કૃતઘ્ની હોય કે જે કરેલું જાણતો ન હોય તેના સંગનો ત્યાગ કરવો.

(૮) ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા લોકોને છેતરનાર ને ઠગનાર એવા છ પ્રકારના કુસંગીનો સંગ ન કરવો.

(૯) જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તેવા મનુષ્યનો સમાગમ ન કરવો.

(૧૦) મંદિર, જીર્ણ દેવાલય, નદી-તળાવના આરા, રસ્તો, વાવેલું ખેતર, વૃક્ષની છાયા તથા બાગ-બગીચા એ આદિક જે સ્થાનક તેમને વિષે ક્યારેય મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહીં.

(૧૧) ચોરમાર્ગે કરીને પેસવું નહિ કે નીસરવું પણ નહીં.

(૧૨) પુરુષમાત્રે સ્ત્રીના મુખ થકી જ્ઞાનવાર્તા પણ ન સાંભળવી અને સ્ત્રીઓ સાથે વાદ-વિવાદ ન કરવો.

(૧૩) ગુરુનું, અતિશય શ્રેષ્ઠ મનુષ્યનું, વ્યવહારમાં પ્રતિષ્ઠિત મનુષ્યનું, કોઈ વિદ્વાનનું તથા શસ્ત્રધારી મનુષ્યનું ક્યારેય અપમાન ન કરવું.

(૧૪) કોઈ વ્યવહારિક કાર્ય વિચાર્યા વિના તત્કાળ ન કરવું. પણ ધર્મ સંબંધી કાર્ય તો તત્કાળ કરવું.

(૧૫) નિત્યપ્રત્યે સાધુનો સમાગમ કરવો.

(૧૬) ભગવાન કે સંતના દર્શનને અર્થે જવું ત્યારે ખાલી હાથે ન જવું.

(૧૭) કોઈનો વિશ્વાસઘાત ન કરવો.

(૧૮) પોતાના મુખે પોતાનાં વખાણ ન કરવાં.

(૧૯) મંદિરમાં આવ્યા પછી સ્ત્રીએ પુરુષનો કે પુરુષે સ્ત્રીનો સ્પર્શ ન કરવો.

(૨૦) કંઠને વિષે તુલસીની અથવા કાષ્ઠની કંઠી નિત્ય ધારણ કરવી. કંઠી વિનાના ક્યારેય ન રહેવું.

(૨૧) નિત્ય પ્રત્યે સૂર્ય ઊગ્યા પહેલાં જાગવું ને પછી સ્વામિનારાયણ નામનું સ્મરણ કરવું.

(૨૨) ત્યારબાદ શૌચવિધિ કરી ડાબો હાથ દશ વખત

ને બંને હાથ ભેળા કરી સાત વખત એમ કુલ સત્તર વખત શુદ્ધ માટી અથવા પાઉડરથી હાથ ધોવા. પરંતુ સાબુથી કે લિક્વિડથી હાથ ધોવા નહીં.

(૨૩) ત્યારબાદ એક સ્થાને બેસીને દંતધાવન કરવું. પછી પવિત્ર જળે કરીને સ્નાન કરવું.

(૨૪) પછી (પુરુષ વર્ગે શુદ્ધ એવું જે એક વસ્ત્ર પહેરવું ને એક ઓઢવું ને પછી) નિત્ય પ્રત્યે સ્વામિનારાયણ ભગવાનની વ્યક્તિગત પૂજા અવશ્ય કરવી. પૂજા કર્યા વિના પાણી પણ પિવાય નહિ અને જમાય પણ નહીં.

(૨૫) પુરુષમાત્રે ચંદને કરી ભાલ, બંને હસ્ત ને છાતીને મધ્યે તિલક કરવું ને ચંદનનો ચાંદલો કરવો તથા ભાલમાં કુમકુમનો ચાંદલો કરવો. અને સ્ત્રીઓએ માત્ર ભાલને વિષે કુમકુમનો

ચાંદલો કરવો. જ્યારે વિધવા સ્ત્રીઓએ ચાંદલો પણ ન કરવો.

(૨૬) ત્યારબાદ ભગવાનની માનસીપૂજા કરી પ્રગટભાવે પૂજા કરી ‘સ્વામિનારાયણ’ મહામંત્રનો જાપ કરવો ને નિત્ય પ્રત્યે “અહમ્ અનાદિમુક્ત સ્વામિનારાયણ દાસોસ્મિ” એ ગુરુમંત્રની એક માળા કરવી.

(૨૭) પત્ર, કંદ, ફળ કે કોઈ પણ વસ્તુ ભગવાનને ધરાવ્યા વગર ન ખાવી તથા કોઈ પણ વસ્તુ કે પદાર્થ પ્રસાદીના કર્યા વગર તેનો ઉપયોગ ન કરવો.

(૨૮) નિત્ય પ્રત્યે સ્વામિનારાયણ ભગવાનના મંદિરને વિષે જવું અને ભગવાનનાં કીર્તન, ધૂન બોલવાં ને સંતોનો સમાગમ કરવો.

(૨૯) વ્યક્તિના ગુણ પ્રમાણે તેને કાર્ય પ્રેરવું તથા તે

રીતે તેનું સન્માન જાળવવું. તેમજ કોઈ વ્યવહારે કરીને મોટી વ્યક્તિ આવે કે વડીલ આવે તો તે મુજબ તેનું યોગ્ય સન્માન કરી યોગ્ય સ્થાને બેસાડવા.

(૩૦) સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને કે ઉભડક પગે ન બેસવું.

(૩૧) કોઈ ફળના લોભે કરીને પણ પોતાના ધર્મનો ત્યાગ ન કરવો.

(૩૨) કોઈનીય ખાનગી વાત જાણતા હોય તોપણ તેને ક્યારેય પ્રકાશ ન કરવી.

(૩૩) ચાતુર્માસને વિષે સંત-સમાગમ, માળા-પ્રદક્ષિણા, સદ્‌ગ્રંથોનું વાંચન, ઉપવાસ, એકટાણાં કે બ્રહ્મચર્યાદિક વિશેષ નિયમો લેવા તથા તેનું પાલન કરવું.

(૩૪) સર્વે એકાદશી તથા હરિનવમી આદિક વ્રતને

દિવસે આદર થકી ઉપવાસ કરવો. અને ઉપવાસના દિવસે અતિશય યત્ને કરીને પણ દિવસની નિદ્રાનો ત્યાગ કરવો.

(૩૫) ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય તો સ્વામિનારાયણ મહામંત્રનો જાપ અથવા ઉચ્ચ સ્વરે તે મહામંત્રની ધૂન્ય કરવી.

(૩૬) સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ સમયે સર્વે ક્રિયાનો ત્યાગ કરીને સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું. અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્રે સહિત સ્નાન કરીને ગૃહસ્થ સત્સંગીએ પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું અને જે ત્યાગી હોય તેમણે સ્વામિનારાયણ ભગવાનની પૂજા કરવી.

(૩૭) સત્સંગીમાત્રે જન્મનું તથા મરણનું સૂતક તે સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું.

(૩૮) ક્યારેક જાણે અથવા અજાણે નાનું-મોટું પાપ થઈ જાય તો મોટાપુરુષને કે સંતોને પૂછીને તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું.

(૩૯) પોતાના નિકટ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ, તેમનો સ્પર્શ ન કરવો.

(૪૦) પોતાનાં માતાપિતા તથા આશરે રહેલા મનુષ્યની તથા માંદાની સેવા જીવનપર્યંત કરવી.

(૪૧) પોતાની સામર્થી પ્રમાણે, પોતાની જરૂરિયાત પ્રમાણે અન્ન-દ્રવ્યનો સંગ્રહ કરવો. અને ઘરમાં પશુ રાખેલાં હોય તો તેમને માટે પણ ચાર્ય-પૂળાનો સંગ્રહ કરવો.

(૪૨) વ્યવહારિક લેતી-દેતીમાં પોતાના પુત્ર કે મિત્રાદિક સાથે પણ, સાક્ષીએ સહિત લખાણ કર્યા વિના કોઈ વ્યવહાર ન કરવો.

(૪૩) પોતાની આવક કરતાં વધારે ખર્ચ ન જ કરવો અને આવક-ખર્ચનું નામું અવશ્ય લખવું.

(૪૪) પોતાને ત્યાં રાખેલા નોકર-ચાકર કે મજૂર તેમને નક્કી કર્યા મુજબ વળતર આપવું જ પણ ઓછું ન આપવું.

(૪૫) પોતે જ્યાં રહેતા હોય ત્યાં કોઈ આપત્કાળ આવે કે ભૂંડા દેશકાળ સર્જાય તો તે મૂળવતન હોય તોપણ તેનો ત્યાગ કરવો ને જ્યાં સારા દેશકાળ હોય ત્યાં સુખેથી રહેવું.

(૪૬) વ્યવહારે સુખી કે ધનાઢ્ય હરિભક્તોએ સ્વામિનારાયણ ભગવાનના મોટા સમૈયા, ઉત્સવો ને મંદિરો કરાવવાં તથા સાધુ અને હરિભક્તોને જમાડવા.

(૪૭) સત્સંગી એવી સુવાસિની સ્ત્રીઓએ પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્ર હોય તોપણ

તેની આદરપૂર્વક સેવા કરવી પણ કટુ વચન ન બોલવાં.

(૪૮) વિધવા સ્ત્રીઓ તેમણે પતિ બુદ્ધિએ કરીને ભગવાનને સેવવા ને પોતાના પિતા-પુત્રાદિક સંબંધીની આજ્ઞાને વિષે વર્તવું, પણ સ્વતંત્રપણે ન વર્તવું.

(૪૯) નિર્ગુણ એવું જે અમારું સ્વરૂપ તેના સંબંધને પામ્યા એવા જે સર્વે ભક્ત તે પણ નિર્ગુણ છે. માટે તેમની સર્વે ક્રિયા પણ નિર્ગુણ જાણવી. અર્થાત્ તેમને વિષે માયિકભાવ ન જાણવો.

(૫૦) જેનાં વચન સાંભળવે કરીને અમારી ઉપાસના, ભક્તિ તથા ધર્મ તેમાંથી પડી જવાય તેના મુખ થકી અમારી કથાવાર્તા સાંભળવી નહીં.

(૫૧) સર્વે સત્સંગી તેમણે વૃદ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ ગયે સતે પોતે નિત્ય પૂજવાનું-સેવવાનું જે અમારું સ્વરૂપ (વ્યક્તિગત પૂજા), તે બીજા ભક્તને આપીને, પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે અમારું ભજન કરવું.

(૫૨) અમારા સ્વરૂપનાં જ્ઞાન (ઉપાસના) તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારમાં જે ઉત્કર્ષપણાને કહેતાં હોય તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવાં. એટલે કે અમારા સ્વરૂપની નિષ્ઠા સંબંધી જે ભારે વચન હોય તેને પ્રધાનપણે માનવાં.

●●●

## અન્ય વિશેષ આજ્ઞાઓ

### આત્માનો ધર્મ (આત્મલક્ષી આજ્ઞા)

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સ્વહસ્તે શ્લોક ૧૧૬માં સ્પષ્ટપણે આશ્રિતમાત્રને આજ્ઞા કરી છે તે મુજબ "સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ (જુદો) એવો જે આત્મા, તેને બ્રહ્મરૂપ કહેતા મૂર્તિરૂપ-પુરુષોત્તમરૂપ માનીને શ્રી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરવી."

અર્થાત્ દેહ તે હું નથી, દેહની નાત-જાત, નામ-ઠામ તે મારું નથી તથા દેહના દોષ-સ્વભાવ તે મારે વિષે નથી.

"અહમ્ અનાદિમુક્ત સ્વામિનારાયણ દાસોસ્મિ."

"અહમ્ પુરુષોત્તમ રૂપોસ્મિ..."

"દેહ નહિ હું મુક્ત અનાદિ,
અખંડ મનન રખાવજો."

આ સમજણ દૃઢ કરી, મુક્તભાવે મૂર્તિમાં અખંડ જોડાયેલા રહેવું અને એ લટકે જ મૂર્તિનું ધ્યાન કરવું. આ શ્રીજીમહારાજે જણાવેલ આત્મલક્ષી આજ્ઞા છે કહેતાં આત્માનો ધર્મ છે.

આ આત્માનો ધર્મ દૃઢ કરતા પહેલાં સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ આશ્રિતમાત્રના ઈષ્ટદેવ એવા જે સ્વામિનારાયણ ભગવાનની સ્વરૂપનિષ્ઠા અતિશે દૃઢ કરવી ફરજિયાત છે. જે અંગે શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સ્વહસ્તે શ્લોક ૧૦૮માં સ્પષ્ટપણે આશ્રિતમાત્રને આજ્ઞા કરી છે તે મુજબ "સશ્રીકૃષ્ણ કહેતાં અનાદિકૃષ્ણ એવા ભગવાન સ્વામિનારાયણ એ જ પરબ્રહ્મ પુરુષોત્તમ

ભગવાન છે અને એ જ સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ આશ્રિતવર્ગ માટે ઉપાસના કરવા યોગ્ય ઈષ્ટદેવ છે ને તે જ સર્વ અવતારના કારણ છે.''

શ્રીજીમહારાજે કરેલી આજ્ઞા મુજબ તમામ આશ્રિતે ભગવાન સ્વામિનારાયણની આવી સ્વરૂપનિષ્ઠા દૃઢ કરવી; જેમ કે,

- અનંતકોટિ બ્રહ્માંડમાં સનાતન ભગવાન એક અને માત્ર એક જ સ્વામિનારાયણ ભગવાન છે. જે સર્વસત્તાધીશ, સ્વતંત્ર, સર્વશક્તિમાન, સર્વના કારણ, સર્વના આધાર અને સર્વના નિયંતા છે. જ્યારે એમની અન્વય શક્તિની સત્તાથી અનંત આધુનિક ભગવાન થયા છે અને સત્તાના આધારે જ રહ્યા છે. એવા અનંત આધુનિક ભગવાનના અન્વય શક્તિ દ્વારા અવતારી સ્વામિનારાયણ ભગવાન એક

જ સનાતન ભગવાન છે.

● સ્વામિનારાયણ ભગવાનના તેજના સમૂહની અનંત કિરણોમાંથી એક કિરણ જેને અન્વય સ્વરૂપ કહીએ છીએ તે એક કિરણ અનંત મૂળઅક્ષરથી માંડીને જીવ-પ્રાણીમાત્ર સુધીમાં ઉત્તરોત્તર વ્યાપીને રહી છે. વળી, આ સર્વે શ્રીજીમહારાજની એક કિરણની સત્તાથી થયા છે અને સત્તાના આધારે જ રહ્યા છે જે એમના અન્વય સંબંધવાળા કહેવાય છે. જ્યારે અનંત ચાલોચાલ ભક્ત, અનંત એકાંતિક ભક્ત, અનંત પરમએકાંતિક મુક્ત અને અનંત અનાદિમુક્ત શ્રીજીમહારાજના વ્યતિરેક સંબંધે કરીને થયા છે અને સંબંધના આધારે જ રહ્યા છે. જેમને શ્રીજીમહારાજના વ્યતિરેક સંબંધવાળા કહેવાય છે.

આ બંને લાઈનમાં કોઈની પાસે પોતાનું આગવું સામર્થ્ય નથી.

આમ, અન્વય અને વ્યતિરેક બંને લાઈનના આ રીતે ઉપરી અને કારણ એકમાત્ર ભગવાન સ્વામિનારાયણ છે તેમ સમજવું.

● આ સ્વામિનારાયણ ભગવાન વર્તમાનકાળે પ્રતિમા સ્વરૂપે સદાય પ્રગટ અને પ્રત્યક્ષ બિરાજે છે. આપણી માયિક દૃષ્ટિએ પ્રતિમા જેવા જણાય છે પરંતુ પ્રતિમા જેવા નથી. દિવ્ય જ છે. તેજના સમૂહમાં જ છે. તેજ, સામર્થી, ઓજસ, અનંત મુક્તો, અક્ષરધામ બધું આ મૂર્તિ ભેળું જ છે એમ પ્રત્યક્ષપણે નિશ્ચય કરવો. વળી, દાદાખાચર અને ગોપાળાનંદ સ્વામીને જે મળ્યા હતા એ જ મહારાજ મને પ્રતિમા સ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ મળ્યા છે.

આવી સ્વરૂપનિષ્ઠાની દૃઢતા અને ત્યારપછી અનાદિમુક્તની લટકે વર્તતા વર્તતા અનાદિમુક્તની સ્થિતિ થાય એ જ આત્યંતિક મોક્ષ. આવી સ્વામિનારાયણ ભગવાનની સ્વરૂપનિષ્ઠારૂપી સમજણ સત્સંગીમાત્રએ દૃઢ કરવી. આ પણ શ્રીજીમહારાજની ઉપાસના સંબંધી ફરજિયાત આજ્ઞા છે.

●●●

# ત્યાગી સંતોનાં પંચવર્તમાન

(ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ, શિક્ષાપત્રી તથા ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતની ટીકાને આધારે)

ત્યાગીએ ગૃહસ્થનાં વર્તમાન તો પાળવાં જ, પણ તે ઉપરાંત...

## ૧ નિષ્કામી વર્તમાન

ત્યાગી સંતોએ અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરવું; તે મુજબ...

- સ્ત્રીનો સંગ ન કરવો.
- સ્ત્રીના વસ્ત્રને અડવું નહીં.
- સ્ત્રીનો સ્પર્શ ન કરવો.
- સ્ત્રીનાં રૂપ-કુરૂપની વાત કરવી નહીં. સ્ત્રી કાળી છે, ગોરી છે, યુવાન કે વૃદ્ધ છે તેનો નિર્ણય

ન કરવો.

- સ્ત્રીનું મનન ન કરવું.
- સ્ત્રીના ચિત્રને પણ નિહાળીને જોવું નહિ કે સ્પર્શ કરવો નહીં.
- સ્ત્રીને ભોગવવાનો સંકલ્પ પણ ન કરવો તો ક્રિયા તો થાય જ કેમ ?
- સ્ત્રીઓ સાથે બોલવું નહીં.

આ માટે,

- સંતોએ જોડી વિના એકલા બહાર જવું નહિ કે ચાલવું નહીં. એવી આજ્ઞા કરી છે કે જેથી એકબીજાની મર્યાદાએ કરીને પણ નિષ્કામીપણું દૃઢ રહે અને જો કંઈ અજાણે ભૂલચૂક થાય તો તેનું નિષ્કામ શુદ્ધિ મુજબ પ્રાયશ્ચિત્ત કરવું.

HOME



## ૨ નિર્લોભી વર્તમાન

- સાધુ થઈ કોડી જેટલું દ્રવ્ય પણ પોતાનું કરીને રાખે, રખાવે કે અડે તો તેને મિનિટે મિનિટે હજાર ગાયો માર્યાનું પાપ થાય છે.
- કહેલાં અગિયાર વસ્ત્રો ઉપર બારમું વસ્ત્ર ન રાખવું.
- વસ્ત્રો પણ જાડાં માદરપાટનાં જ પહેરવાં, પણ ઝીણાં વસ્ત્ર ન પહેરવાં.
- વસ્ત્રો પણ રંગથી ન રંગવાં, પણ રામપુર ગામની માટીથી જ રંગવાં.
- સીવેલાં વસ્ત્ર ન પહેરવાં.
- રજોગુણી, રેશમી, મલમલ કે અન્ય વસ્ત્રો; રજોગુણી પદાર્થો પોતાના ઉપયોગ માટે ન રાખવાં.

## ૩ નિર્માની વર્તમાન

કોઈ પ્રકારનું માન તો રાખવું જ નહીં. સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છાથી માન-સન્માન મળે કે અપમાન મળે તોપણ બંને પરિસ્થિતિમાં સમભાવ રાખી વર્તવું.

## ૪ નિઃસ્નેહી વર્તમાન

- પોતાના પૂર્વાશ્રમનાં માતાપિતા, ભાઈ કે નિકટના સંબંધી સાથે કોઈ પ્રકારનો વ્યવહાર ન રાખવો.
- પોતાની જન્મભૂમિ કે પૂર્વાશ્રમના ઘર સાથે કોઈ વ્યવહાર ન રાખવો.
- સ્નેહ એકમાત્ર સ્વામિનારાયણ ભગવાનમાં તેમજ ભગવાનને લઈને સંતો-ભક્તોમાં જ કરવો.

## ૫ નિઃસ્વાદી વર્તમાન

- ખાવા-પીવા માટે કોઈ ધાતુના વાસણનો ઉપયોગ ન કરવો. પણ કાષ્ઠના પાત્રનો તથા તુંબડીનો જ ઉપયોગ કરવો.
- સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છાથી જે મળે તે અન્નમાં પાણી નાંખી, ભેળું કરી નિઃસ્વાદી કરીને જ જમવું.

આ સિવાય શિક્ષાપત્રીની અન્ય આજ્ઞાઓનું પણ ત્યાગી સંતોએ અવશ્ય પાલન કરવું.

(૧) જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા પણ ન જવું.

(૨) મૈથુનાસક્ત એવાં જે પશુ-પક્ષી આદિ પ્રાણીમાત્ર તેમને પણ જાણીને જોવાં નહીં.

(૩) સ્ત્રીના વેશને ધરી રહ્યો જે પુરુષ તેને અડવું નહિ અને તેની સામે જોવું નહિ ને તે સાથે બોલવું નહીં.

(૪) સ્ત્રીને ઉદ્દેશીને સ્વામિનારાયણ ભગવાનની કથાવાર્તા, કીર્તન પણ ન કરવાં.

(૫) પોતાના બ્રહ્મચર્યવ્રતનો કે પંચવર્તમાનનો ભંગ થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું.

(૬) આગ્રહપૂર્વક પોતાની અતિશય સમીપે આવતી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી, પણ સમીપે આવવા દેવી નહીં.

(૭) પોતાને શરીરે તેલમર્દન ન કરવું કે ન કરાવવું.

(૮) રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી.

(૯) કામ, ક્રોધ, લોભ અને માન આદિક જે અંતઃ શત્રુ તેને જીતવા.

(૧૦) પોતાના ઉતારાનું જે સ્થળ તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહીં.

(૧૧) સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ વિના વ્યર્થ કાળ પસાર ન કરવો.

(૧૨) ગ્રામ્યવાર્તા કરવી નહિ ને જાણીને સાંભળવી નહીં.

(૧૩) આપત્કાળ પડ્યા વિના ક્યારેય ખાટલા પર સૂવું નહીં.

(૧૪) મોટા સંતની આગળ નિરંતર નિષ્કપટપણે વર્તવું.

(૧૫) કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય અને તે

પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું. પણ તેને સામી ગાળ ન દેવી અને મારવો પણ નહીં. પણ તેનું જેમ હિત થાય તેમ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો.

(૧૬) સૌની આગળ નમવું, ખમવું ને સૌનું સહન કરવું. નિર્માનીપણું પકડી રાખવું.

(૧૭) કોઈ પ્રકારની અહમ્‌બુદ્ધિ ન કરવી કે પોતાના સંબંધીમાં મમત્વભાવ ન રાખવો.

આમ, આ શિક્ષાપત્રીના સારરૂપ એવી આપની સર્વે આજ્ઞામાં, હે સ્વામિનારાયણ ભગવાન, અમને દૃઢ કરીને વર્તાવજો... વર્તાવજો... વર્તાવજો...

•••

# સૂતક તથા રજસ્વલા ધર્મ

## જન્મનું સૂતક

(૧) સાત પેઢી સુધીના કુટુંબીજનોએ કુટુંબમાં બાળકનો જન્મ થયા પછી દસ દિવસ સુધી સૂતક પાળવું પડે. જન્મના દસ દિવસ બાદ બાળકનો જન્મ થયાના સમાચાર મળે તો દસ દિવસ બાદ સૂતક પાળવાની જરૂર નથી. પરંતુ આ દસ દિવસ દરમ્યાન ગમે તે દિવસે ખબર પડે તો ત્યારબાદ દસ દિવસમાંથી બાકી રહેલા દિવસોમાં સૂતક પાળવું પડે.

(૨) જન્મદાતા સ્ત્રી બાળકનો જન્મ થયા પછીના ચાલીસ દિવસ પછી જ શુદ્ધ થાય. આ ચાલીસ દિવસ દરમ્યાન જન્મદાતા સ્ત્રીએ

સૂતક પાળવું પડે. ત્યારબાદ સાબોળ સ્નાન કરી ઠાકોરજીની પૂજા તથા રસોઈ કરી શકાય.

(૩) સૂતકના ૧૦ દિવસ બાદ ૨૧ દિવસ સુધી અન્ય વ્યક્તિએ જન્મદાતા સ્ત્રીના ખાટલે અથવા બાળકને અડવાનું થાય તો પૂજા કર્યા બાદ જ અડાય અને પછી ઘરમાં અડતા પહેલાં સાબોળ સ્નાન કરવું પડે.

(૪) જન્મદાતા સ્ત્રી બાળકના જન્મ પછીના ૨૧ દિવસ બાદ સાબોળ સ્નાન કરી ઘરમાં તેમજ અન્ય સભ્યોને અડી શકે પરંતુ ઠાકોરજીની પૂજા ન થાય કે રસોઈ કરી શકાય નહીં.

HOME



## મરણનું સૂતક

(૧) સાત પેઢી સુધીના કુટુંબીજનોને મરણ થયા પછીના છ માસ દરમ્યાન ગમે ત્યારે મરણના સમાચાર મળે ત્યારથી દસ દિવસનું સૂતક પાળવું પડે.

## જન્મ કે મરણનું સૂતક પાળવાનો વિધિ

(૧) સૂતકના દિવસો દરમ્યાન વ્યક્તિગત પૂજા તથા ઘરમંદિરની સેવા-પૂજા આપણાથી કરાય નહીં. પરંતુ વ્યક્તિગત પૂજા કે ઘરમંદિરની મૂર્તિઓને અપૂજ્ય પણ રહેવા દેવાય નહીં. આ મૂર્તિઓની સેવા-પૂજા થવી ફરજિયાત છે. માટે સૂતકના દિવસો દરમ્યાન આપણી વ્યક્તિગત પૂજા તથા

ઘરમંદિરની સેવા-પૂજા બીજા સત્સંગી સભ્ય કે જેમને સૂતક નથી તેમની પાસે કરાવવી. તેમ છતાં આપણે તો વ્યક્તિગત પૂજાની આંશિક સેવા રૂપે સ્નાનાદિક ક્રિયા બાદ તિલક-ચાંદલો કરવો, માનસીપૂજા કરવી તથા માળા ફેરવવી આ વિધિ તો ફરજિયાત કરવી જ જોઈએ. આટલું કર્યા બાદ જ પાણી પિવાય તથા અન્ન જમાય.

(૨) સૂતકના દિવસો દરમ્યાન મહારાજની મૂર્તિ તથા પૂ. સંતોનો અને સંતોનાં ભગવાં વસ્ત્રોનો તેમજ વચનામૃત અને શિક્ષાપત્રી આ બે ગ્રંથો જે મહારાજનાં સ્વરૂપ છે તેનો પણ સ્પર્શ કરાય નહીં. અન્ય ગ્રંથોનું વાંચન કરી શકાય.

(૩) સૂતકના દિવસો દરમ્યાન મહારાજની મૂર્તિ તથા પૂ. સંતોનો સ્પર્શ નથી કરવાનો; પરંતુ

મંદિરે દર્શન કરવા જવાય તથા સત્સંગ સભામાં જવાય. આમાં કાપ મુકાય નહીં. માટે એ કાર્ય તો અવશ્ય કરવું. આ ઉપરાંત અન્ય હરિભક્તોનો સ્પર્શ થાય તેમાં પણ કોઈ દોષ નથી.

(૪) સૂતકના દિવસો દરમ્યાન મૂર્તિની સેવા-પૂજા સિવાયના સત્સંગી તરીકેના જેટલા નિયમો પાળવાની આજ્ઞા છે તે તમામ નિયમો પાળવા જ પડે.(તિલક-ચાંદલો, માળા, માનસીપૂજા વગેરે.)

(૫) સૂતક પૂર્ણ થયા બાદ ઘરમાં દૈનિક વપરાશની વસ્તુઓ ઉપર મહારાજના પ્રસાદીના જળની અંજલીનો છંટકાવ કરી પછી જ તે વાપરવી જોઈએ. જેમ કે ગાદલાં, ઓશીકાં, રજાઈ, પહેરવાનાં વસ્ત્રો વગેરે.

(૬) દસ દિવસનું સૂતક પૂર્ણ થાય બાદ અગિયારમા દિવસથી જ આપણે આપણી વ્યક્તિગત પૂજાનો લાભ જાતે જ લેવો જોઈએ. એમાં કદી વિલંબ ન કરવો તથા આળસ ન રાખવી.

(૭) સૂતક પાળવાના ભારમાં ભગવાન, સંતો અને સત્સંગથી દૂર ન રહેવું કે ન જવું.

## તારા સૂતક

(૧) કોઈ મૃતદેહનું મોં જોયું હોય કે સ્પર્શ કર્યો હોય અથવા તો સ્મશાને ગયા હોઈએ તો તારા સૂતક લાગે. જેમાં રાત્રે તારા ઊગે ત્યાં સુધી મૂર્તિની સેવા-પૂજા તથા સંતોનો પણ સ્પર્શ કરી શકાય નહીં. રાત્રે તારા ઊગ્યા બાદ સ્નાન કર્યા પછી જ કરી શકાય.

(૨) આ સૂતક માટે બને ત્યાં સુધી કોઈના મરણના સમાચાર મળે તો સવારે વહેલાં સ્નાન-પૂજા કર્યા બાદ જ સ્મશાને જવું.

(૩) પૂજા કર્યા બાદ જ દિવસ દરમ્યાન સ્મશાને જવાનું થયું હોય તો સ્મશાનમાંથી આવ્યા બાદ સાબોળ (પહેરેલાં વસ્ત્ર સહિત) સ્નાન કરવું પડે. આ ઉપરાંત જનોઈને પાઉડરથી ધોવી પડે. આ વિધિ પૂર્ણ થયા બાદ જ ભોજન લઈ શકાય.

(૪) તારા સૂતક લાગુ પડ્યું હોય તો આપણે જાતે ઠાકોરજીની સેવા-પૂજા તથા સ્પર્શ કરાય નહીં. જેને સૂતક ન હોય તેવા સભ્યો પાસે સેવા કરાવવી.

## સ્ત્રીઓએ પાળવાનો રજસ્વલા ધર્મ

(૧) સ્ત્રીઓએ રજસ્વલા ધર્મ પાળવો ફરજિયાત છે. જેમાં રજસ્વલા સ્ત્રીએ ત્રણ દિવસ સુધી ક્યાંય અડવું નહીં. આ ઉપરાંત ઠાકોરજીની સેવા ન કરવી તથા રસોઈ ન બનાવવી અને કોઈ પણ વ્યક્તિનો સ્પર્શ કરાય નહીં. ચોથે દિવસે સાબોળ (પહેરેલાં વસ્ત્ર સહિત) સ્નાન કર્યા પછી જ રજસ્વલા ધર્મનો વિધિ પૂર્ણ થયો કહેવાય. પછી જ રાબેતા મુજબ દૈનિક કાર્યો કરી શકાય.

(૨) રજસ્વલા સ્ત્રીએ સૂવા માટે કે બેસવા માટે કંતાનનું અથવા ઊન આદિ ગરમ વસ્ત્રવાળું ગાદલું, ગોદડી કે ધાબળો અલાયદાં રાખવાં અને એ જ વાપરવાં.

(૩) રજસ્વલા સ્ત્રીથી વાસણ ઊટકવાં, કપડાં ધોવાં આદિક રસોઈ સિવાયનાં ઘરનાં કાર્યો કરી શકાય. પરંતુ તેમાં કોરાં વાસણને, કોરાં કપડાંને તેમજ ઘરમાં અન્ય ક્યાંય અડી શકાય નહીં. આ ઉપરાંત રજસ્વલા સ્ત્રીએ અડ્યાં હોય એવાં ભીનાં વસ્ત્ર કે ભીનાં વાસણને પણ પાણીની છાંટ નાંખ્યા બાદ જ અડી શકાય.

(૪) રજસ્વલા સ્ત્રીએ રજસ્વલા ધર્મ પાળવાનો હોય તે દિવસોમાં સ્ત્રીઓએ કરવાનાં કાર્યો પુરુષ સભ્યોએ કરવાં પડે એવું પણ બનતું હોય છે. આવા સમયે પુરુષ સભ્યોએ શ્રદ્ધા રાખી રાજી થકા રસોઈ તથા ઠાકોરજીના થાળ આદિક સેવાનો લાભ લેવો જોઈએ. પરંતુ રજસ્વલા સ્ત્રીને રજસ્વલા ધર્મ પાળવામાં

અડચણરૂપ ન થવું જોઈએ.

(૫) જે સ્ત્રી રજસ્વલા ધર્મ ન પાળે તે બીજે જન્મે ચૂડેલ કે કૂતરીના દેહને પામે છે તથા જે પુરુષ સ્ત્રીને રજસ્વલા ધર્મ પાળવા ન દે તે બીજે જન્મે બળદના દેહને પામે છે; એવું શાસ્ત્રોમાં કહ્યું છે.

(૬) શાસ્ત્રના આવા નિયમો, મહારાજની આજ્ઞાઓ પાળવામાં તર્ક-કુતર્ક, બુદ્ધિ અને વિજ્ઞાનનું ડહાપણ તથા લાજ-શરમ કે માન-મોટપ મૂકી રજસ્વલા ધર્મનું અવશ્ય પાલન કરવું જોઈએ.

(૭) જો અન્ય સભ્યથી રજસ્વલા સ્ત્રીને અડી જવાય તો તેમણે સાબોળ સ્નાન કરવું પડે તથા ત્યારબાદ બધે અડી શકાય.

●●●

# ક્રિયાશુદ્ધિઓ

## ગ્રહણની ક્રિયાશુદ્ધિ

(૧) ગ્રહણનો વેધ લાગ્યા પછી કશું જ જમાય નહીં. ગ્રહણનો સ્પર્શ થયા બાદ તો પાણી પણ પિવાય નહીં. આ ઉપરાંત ગ્રહણનો સ્પર્શ થાય ત્યાંથી મોક્ષ ન થઈ જાય ત્યાં સુધી ઘરમાં ક્યાંય અડાય નહીં. આ દરમ્યાન મંદિર નજીક હોય તો ત્યાં અથવા ઘરમાં અલાયદા સ્થાનમાં કથા-કીર્તન કરી ભજન-ભક્તિ કરવાં.

(૨) ગ્રહણનો સ્પર્શ થાય તે પહેલાં ઘરમાં જે કાંઈ ભીનું એઠું સીધુંસામાન કે રસોઈ હોય તેનો નિકાલ કરવો. આ ઉપરાંત કોઈ વાસણ પણ એઠાં ન રાખવાં અને રસોડાને પણ પાણીથી

HOME



ધોઈ ચોખ્ખું કરવું.

(૩) ગ્રહણની ક્રિયાશુદ્ધિ વિધિ-નિષેધના નિયમો અનુસાર પાળવાની છે મહારાજ અને મોટાપુરુષની આજ્ઞા છે. અને આમાં નિષ્ઠાનું કોઈ ખંડન થતું નથી. માટે ગ્રહણની ક્રિયાશુદ્ધિ અવશ્ય પાળવી.

## સત્સંગીમાત્રએ પાળવાની ક્રિયાશુદ્ધિઓ

(૧) લઘુ ક્રિયા માટે તથા શૌચ ક્રિયા માટે જતા પહેલાં જમણા કાને જનોઈ ચડાવવી ફરજિયાત છે.

(૨) લઘુ ક્રિયા તથા શૌચ ક્રિયા દરમ્યાન કશું જ બોલાય નહીં. મનમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ કરવું તથા મૂર્તિની સ્મૃતિ કરવી.

(૩) લઘુ ક્રિયા બાદ પાણીથી હાથ ધોવા ફરજિયાત છે. શૌચ ક્રિયા બાદ પાઉડરથી અથવા માટીથી સત્તર વખત હાથ ધોવા ફરજિયાત છે. હાથ ધોવા માટે સાબુ કે લિક્વિડનો ઉપયોગ કરવો નહીં.

(૪) શૌચાલયનો દરવાજો ડાબા હાથથી જ ખોલવો તથા અંદરના નળ તથા ડોલ કે ટમ્બલરનો ઉપયોગ જમણા હાથથી જ કરવો.

(૫) શૌચ ક્રિયા બાદ તુરત પહેરેલા વસ્ત્રે સહિત સ્નાન કરી લેવું. સ્નાન કર્યા સિવાય ક્યાંય અડવું નહીં.

(૬) દિવસ દરમ્યાન લઘુ ક્રિયા માટે શૌચાલયનો ઉપયોગ ન જ કરાય. શૌચાલયના દરવાજે અડી જવાય તોપણ સાબોળ સ્નાન કરવું.

(૭) ભોજન સિવાય દિવસ દરમ્યાન હાથ કે આંગળી તથા પેન-પેન્સિલ વગેરે વસ્તુઓ મોઢામાં ન નાખવી કે હોઠને પણ ન અડાડવી. આમ કરવાથી એઠું થાય. કદાચ જો હાથ કે આંગળીનો સ્પર્શ થઈ જાય તો તુરત હાથ કે આંગળી પાણીથી ધોઈ શુદ્ધ કરવાં. એ જ રીતે નાકમાં તથા કાનમાં આંગળી નાંખવામાં પણ ક્રિયાશુદ્ધિ જાળવવી.

(૮) પાણી હંમેશાં ઊંચેથી જ પીવું, પાણી પીવાનું પાત્ર મોઢે માંડવું નહિ તથા ક્યારેય ફૂંક મારવી નહીં. ફૂંક મારવાથી બધું એઠું થાય.

(૯) પૈસા ગણવા માટે કે નોટ-ચોપડીનાં પાનાં ફેરવવાં માટે કે કોઈ વસ્તુ વીણવા માટે આંગળી થૂંકવાળી કરવી નહીં.

(૧૦) રસોઈમાં, ખાવા-પીવામાં જ્યાં જ્યાં

પાણીનો ઉપયોગ થતો હોય ત્યાં નળને કપડાનું ગળણું બાંધવું ફરજિયાત છે. અળગણ પાણીનું એક ટીપું પિવાઈ જાય તો માછીમાર ૭ માસ માછલાં મારે તેટલું પાપ લાગે. ભૂલથી જો અળગણ પાણી પિવાઈ જાય તો સંતોને પૂછી પ્રાયશ્ચિત્ત કરવું.

(૧૧) વાળંદની દુકાને વાળ કપાવવા, મુંડન કે દાઢી માટે ગયા હોઈએ તો આવ્યા બાદ સાબોળ સ્નાન કરવું. ઘરે જાતે દાઢી કરી હોય તો સ્નાનની જરૂર નથી.

(૧૨) એકાદશીના દિવસે સૂરણ, દૂધી, બટાટા, ટામેટાં, ગાજર, શક્કરિયાં વગેરે શાકભાજી જમી શકાય. ચાતુર્માસ દરમ્યાન (અષાઢ સુદ એકાદશીથી અન્નકૂટ-બેસતા વર્ષ સુધી) રીંગણ, વાલોળ, મૂળા, મોગરી, લીલી તુવેર

વગેરે શાક જમાય નહીં. અન્નકૂટમાં ઠાકોરજીને ધરાવ્યા પછી જ જમાય.

(૧૩) રાત્રે બાર વાગ્યા પછી દિવસ બદલાઈ જાય. જેથી રાત્રે બાર વાગ્યા બાદ જો આપણે જાગતા હોઈએ અને પાણી પીવું હોય તો ગાળીને પિવાય. રાત્રે બે વાગ્યા પછી તો પાણી પણ પિવાય નહિ તથા રાત્રે બાર વાગ્યા પછી ક્યારેય ભોજન પણ લઈ શકાય નહીં.

અનિવાર્ય સંજોગોમાં રાત્રે બાર વાગ્યા પછી સ્નાન કરી પૂજા કરી ભોજન લઈ શકાય.

(૧૪) એઠાં - ચોખ્ખાની વિગત :

- **ચોખ્ખું :** એકાદશીમાં અથવા ફરાળમાં વાપરી શકાય તેવી વસ્તુઓ દા.ત. મોરૈયો,

HOME



રાજગરો અમુક શાકભાજી, ફ્રૂટ વગેરે (અનાજ-કઠોળ નહીં).

- **લોટવાળું :** અનાજ, કઠોળ કે તમામ પ્રકારના લોટ કે જેને પાણીનો સ્પર્શ ન થયો હોય તે લોટવાળું કહેવાય.
- **ભીનું એઠું :** અનાજ, કઠોળ કે લોટને પાણીના ઉપયોગથી ભોજન માટે રાંધીને તૈયાર કર્યું હોય તે ભીનું એઠું કહેવાય.
- **જમેલું એઠું :** આપણે જે કાંઈ વસ્તુ જમ્યા હોઈએ અથવા જે હાથથી જમ્યા હોઈએ તે હાથનો જે વાનગીને સ્પર્શ થાય કે કોઈ પણ સીધુંસામાનની વસ્તુને સ્પર્શ થાય તો તે બધું જમેલું એઠું કહેવાય.

(૧૫) રસોઈ બનાવેલાં વાસણ મૂક્યાં હોય ત્યાં બે વખત પોતું તથા જમવા માટે વાપરેલી ડિશ

મૂકી હોય ત્યાં ત્રણ વખત પોતું મારવાથી શુદ્ધ થાય.

(૧૬) માટલામાંથી કે બૉટલમાંથી પાણી પીવા માટે સીધો પીવાના ગ્લાસનો ઉપયોગ ન કરવો. પાણી કાઢવા માટેનાં ડોયો કે અન્ય વાસણ જુદું રાખવું.

(૧૭) રસોઈ બનાવવા માટેનાં વાસણ તથા જમવા માટે વાપરવાનાં વાસણથી ઠાકોરજીને થાળ ધરાવવાનાં વાસણ જુદાં રાખવાં. એ જ રીતે જમવાનું શરૂ કર્યા બાદ એકબીજાની થાળીમાંથી કોઈ પણ વાનગી અરસપરસ જમવા માટે લેવાય નહીં.

●●●

# श्री शिक्षापत्री

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ।।१।।

लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।
नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ।।२।।

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः ।
यावयोध्याप्रसादाख्यरघुवीराभिधौ सुतौ ।।३।।

मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः ।
गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ।।४।।

सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः ।
मुक्तानन्दादयो ये स्युः साधवश्चाखिला अपि ।।५।।

स्वधर्मरक्षिका मे तैः सर्वैर्वाच्याः सदाशिषः ।
श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ।।६।।

एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।
अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ।।७।।

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।
सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥८॥
तानुल्लंघ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः ।
त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥९॥
अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाऽखिलैः ।
प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥१०॥
कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः ।
सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥११॥
देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् ।
न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ॥१२॥
स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचित् ।
मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ॥१३॥
आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा ।
अयोग्याचरणात् क्वापि न विषोद्बंधनादिना ॥१४॥
न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् ।
न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥१५॥

अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा ।
अङ्गच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा ॥१६॥
स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् ।
सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥१७॥
व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः ।
द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादिमादकम् ॥१८॥
अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न ।
जगन्नाथपुरोऽन्यत्र ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥१९॥
मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये ।
नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचन ॥२०॥
देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।
वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥२१॥
देवतायै भवेद्यस्यै सुरामांसनिवेदनम् ।
यत्पुरोऽजादिहिंसा च न भक्ष्यं तन्निवेदितम् ॥२२॥
दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि ।
प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥२३॥

स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् ।
परधर्मो न चाचर्यो न च पाखण्डकल्पितः ॥२४॥

कृष्णभक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः ।
स्यात्तन्मुखान्न वै श्रव्याः कथावार्ताश्च वा प्रभोः ॥२५॥

स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।
कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ॥२६॥

चोरपापिव्यसनिनां सङ्गः पाखण्डिनां तथा ।
कामिनां च न कर्तव्यो जनवञ्चनकर्मणाम् ॥२७॥

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः ।
पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः ॥२८॥

कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः ।
कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ॥२९॥

अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।
स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ॥३०॥

यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा ।
अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत् क्वचित् ॥३१॥

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन ।
मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ॥३२॥
अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च ।
स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वा न तत्पतिम् ॥३३॥
ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात् कार्या न पूरुषैः ।
न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ॥३४॥
अपमानो न कर्तव्यो गुरुणां च वरीयसाम् ।
लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ॥३५॥
कार्यं न सहसा किंचित्कार्यो धर्मस्तु सत्वरम् ।
पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ॥३६॥
गुरुदेवनृपेक्षार्थे न गम्यं रिक्तपाणिभिः ।
विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च ॥३७॥
यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः ।
तद्दूष्यं वसनं नैव परिधार्यं मदाश्रितैः ॥३८॥
धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा ।
अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम् ॥३९॥

उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः ।
पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पूरुषाः ॥४०॥

कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।
धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥४१॥

तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरेः ।
कार्यं पूजावशिष्टेन केसरादियुतेन च ॥४२॥

तन्मध्य एव कर्तव्यः पुण्ड्रद्रव्येण चन्द्रकः ।
कुङ्कुमेनाथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना ॥४३॥

सच्छूद्राः कृष्णभक्ता ये तैस्तु मालोर्ध्वपुण्ड्रके ।
द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ॥४४॥

भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे ।
धार्ये कण्ठे ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ॥४५॥

त्रिपुण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता ।
तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितैः ॥४६॥

ऐकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः ।
उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ॥४७॥

HOME



शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् ।
मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ॥४८॥

प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः ।
विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ॥४९॥

उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् ।
स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ॥५०॥

उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले ।
असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ॥५१॥

कर्तव्यमूर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् ।
कार्यः सधवनारीमिर्भाले कुङ्कुमचन्द्रकः ॥५२॥

पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया ।
मनसा पूजनं कार्यं ततः कृष्णस्य चाखिलैः ॥५३॥

प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चां तत आदरात् ।
शक्त्या जपित्वा तन्मन्त्रं कर्तव्यं व्यावहारिकम् ॥५४॥

ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः ।
तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै ॥५५॥

शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः ।
द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ॥५६॥
स्तोत्रादेरथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः ।
तथाऽनधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्तनम् ॥५७॥
हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः ।
कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा ॥५८॥
प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः ।
सम्बन्धात्तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ॥५९॥
भक्तैरेतैस्तु कृष्णायानर्पितं वार्यपि क्वचित् ।
न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ॥६०॥
सर्वैरशक्तौ वार्धक्याद्गरीयस्यापदाऽथवा ।
भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्त्यं यथाबलम् ॥६१॥
आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् ।
कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥६२॥
भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् ।
नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥६३॥

कार्यास्तस्य कथावार्ताः श्रव्याश्च परमादरात् ।
वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे ॥६४॥

प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः ।
संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति ॥६५॥

यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु कर्मणि ।
योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ॥६६॥

अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः ।
सम्भावनीयाः सततं यथायोग्यं यथाधनम् ॥६७॥

यादृग्गुणो यः पुरुषस्तादृशा वचनेन सः ।
देशकालानुसारेण भाषणीयो न चान्यथा ॥६८॥

गुरुभूपालवर्षिष्ठत्यागिविद्वत्तपस्विनाम् ।
अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ॥६९॥

नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके ।
उपवेश्यं सभायां च जानू बद्ध्वा न वाससा ॥७०॥

विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् ।
पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ॥७१॥

तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् ।
तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ॥७२॥

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि ।
आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ॥७३॥

पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् ।
कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ॥७४॥

गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् ।
समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ॥७५॥

विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि ।
एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ॥७६॥

विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् ।
महापूजा मंत्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ॥७७॥

साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः ।
एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥७८॥

एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् ।
कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ॥७९॥

उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नतः ।
उपवासस्तया नश्येन्मैथुनेव यन्नृणाम् ॥८०॥

सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः ।
श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ॥८१॥

कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः ।
सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ॥८२॥

कर्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि ।
सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ॥८३॥

विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः ।
एताः पूज्यतया मान्या देवताः पंच मामकैः ॥८४॥

भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् ।
जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ॥८५॥

रवेरिन्दोश्चोपरागे जायमानेऽपराः क्रियाः ।
हित्वाशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ॥८६॥

जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।
देयं दानं गृहिजनैः शक्तयाऽन्यैस्त्वर्च्य ईश्वरः ॥८७॥

जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः ।
पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ।।८८।।

भाव्यं शमदमक्षान्तिसंतोषादिगुणान्वितैः ।
ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ।।८९।।

वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्तिभिः ।
भवितव्यं तथा शूद्रैर्द्विजसेवादिवृत्तिभिः ।।९०।।

संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् ।
स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ।।९१।।

अज्ञानाज्ज्ञानतो वाऽपि गुरु वा लघु पातकम् ।
क्वापि स्यात्तर्हि तत्प्रायश्चित्तं कार्यं स्वशक्तितः ।।९२।।

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।
पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्रकम् ।।९३।।

तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता ।
श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ।।९४।।

धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः ।
एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ।।९५।।

स्वहितेच्छुभिरेतानि मच्छिष्यैः सकलैरपि ।
श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ॥९६॥

तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये ।
ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ॥९७॥

श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ ।
सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ॥९८॥

दशमः पञ्चमः स्कन्धौ याज्ञवल्क्यस्य च स्मृतिः ।
भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥९९॥

शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् ।
रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥१००॥

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।
अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥१०१॥

मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ।
धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ॥१०२॥

धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।
माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥१०३॥

वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।
ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ॥१०४॥

हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् ।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥१०५॥

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।
जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम् ॥१०६॥

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।
ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥१०७॥

स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः ।
उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥१०८॥

स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।
रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥१०९॥

ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः ।
बलभद्रादियोगेन तत्तन्नाम्नोच्यते स च ॥११०॥

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।
क्वचित्तदङ्गेतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥१११॥

अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा ।
चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ॥११२॥

तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि ।
निःश्रेयस्करं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥११३॥

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥११४॥

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमाऽपि च ।
न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥११५॥

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥११६॥

श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् ।
प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥११७॥

कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः ।
विष्णुनामसहस्रादेश्चापि कार्येप्सितप्रदा ॥११८॥

दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु ।
यथा स्वपररक्षा स्यात्तथा वृत्यं न चान्यथा ॥११९॥

देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः ।
आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ॥१२०॥

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् ।
तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥१२१॥

एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः ।
मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये ॥१२२॥

मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन ।
स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ॥१२३॥

न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता नहि ।
क्रौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् ॥१२४॥

प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यावहारिके ।
भिक्षयापदतिक्रम्या न तु कार्यमृणं क्वचित् ॥१२५॥

स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च ।
जीर्णं दत्वा नवीनं तु ग्राह्यं तन्नैष विक्रयः ॥१२६॥

भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् ।
ईषकृष्णचतुर्दश्यां कार्याऽर्चा च हनूमतः ॥१२७॥

मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।
गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥१२८॥

यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः ।
मान्याः सन्तश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात् ॥१२९॥

मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च ।
लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ॥१३०॥

भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः ।
आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तितः ॥१३१॥

संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।
प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥१३२॥

अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः ।
कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ॥१३३॥

स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् ।
न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दर्श्यं मुखं न च ॥१३४॥

गृहाख्याश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः ।
स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तैः ॥ १३५ ॥

मात्रा स्वस्रा दुहित्रा वा विजने तु वयःस्थया ।
अनापदि न तैः स्थेयं कार्यं दानं न योषितः ॥१३६॥

प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः ।
भवेत्तस्याः स्त्रियाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ॥१३७॥

अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः ।
दैवं पैत्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ॥१३८॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥१३९॥

यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः ।
मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ॥१४०॥

यथाशक्ति यथाकालं सङ्ग्रहोऽन्नधनस्य तैः ।
यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥१४१॥

गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि ।
सम्भावनं भवेत्स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ॥१४२॥

ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनाऽपि च ।
भूवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित् ॥१४३॥

कार्ये वैवाहिके स्वस्यान्यस्य वाऽर्प्यधनस्य तु ।
भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा ॥१४४॥

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा ।
अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम् ॥१४५॥

द्रव्यस्यायो भवेद्यावान् व्ययो वा व्यावहारिके ।
तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ॥१४६॥

निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः ।
अर्प्यो दशांशः कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः ॥१४७॥

एकादशीमुखानां च व्रतानां निजशक्तितः ।
उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम् ॥१४८॥

कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा ।
बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ॥१४९॥

स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् ।
ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च ॥१५०॥

श्रीकृष्णगुरुसाधूनां दर्शनार्थं गतौ पथि ।
तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ॥१५१॥

प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत् कर्मकारिणे ।
न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनैः ॥ १५२ ॥

दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा ।
लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ॥१५३॥

मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः ।
त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ॥१५४॥

आढ्यैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः ।
तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ॥१५५॥

महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः ।
देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥१५६॥

मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाखिलाः ।
प्रजाः स्वाः पुत्रवत्पाल्या धर्मः स्थाप्यो धरातले ॥१५७॥

राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा ।
व्यवहारविदः सभ्या दण्ड्यादण्ड्याश्च लक्षणैः ॥१५८॥

सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् ।
अन्धो रोगी दरिद्रो वा षण्ढो वाच्यं न दुर्वचः ॥१५९॥

रूपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु ।
प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ॥१६०॥

नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत् ।
साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जदिसङ्गिनी ॥१६१॥

भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् ।
त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ॥१६२॥

विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः ।
आज्ञायां पितृपुत्रादेर्वृत्यं स्वातन्त्र्यतो न तु ॥१६३॥

स्वासन्नसम्बन्धहीना नराः स्पृश्या न कर्हिचित् ।
तरुणैस्तैश्च तारुण्ये भाष्यं नावश्यकं विना ॥१६४॥

स्तनंधयस्य नुः स्पर्शे न दोषोऽस्ति पशोरिव ।
आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे ॥१६५॥

विद्याऽनासन्नसम्बन्धात्ताभिः पाठ्या न काऽपिनुः ।
व्रतोपवासैः कर्तव्यो मुहुर्देहदमस्तथा ॥१६६॥

धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् ।
देयं ताभिर्न तत् क्वापि देयं चेदधिकं तदा ॥१६७॥

कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले ।
मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ॥१६८॥

वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा ।
न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ॥१६९॥

सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः ।
शृंगारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित् ॥१७०॥

निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः ।
साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ॥१७१॥

न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् ।
न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ॥१७२॥

सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् ।
स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ॥१७३॥

मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला ।
दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ॥१७४॥

नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः ।
तैः स्पृश्या न स्त्रियो भाष्या न न वीक्ष्याश्च ता धिया ॥१७५॥

तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन ।
तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥१७६॥

देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजापि वा ।
न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ॥१७७॥

न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितोंऽशुकम् ।
न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ॥१७८॥

न स्पृश्यो नेक्षणीयश्च नारीवेषधरः पुमान् ।
न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्तनम् ॥१७९॥

ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि ।
तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ॥१८०॥

स्वातिनैकट्यमायान्ती प्रसभं वनिता तु या ।
निवारणीया साभाष्य तिरस्कृत्यापि वा द्रुतम् ॥१८१॥

प्राणापद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् ।
तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या सम्भाष्य ताश्च वा ॥१८२॥

तैलाभ्यङ्गो न कर्तव्यो न धार्यं चायुधं तथा ।
वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ॥१८३॥

परिवेषणकर्त्री स्याद्यत्र स्त्री विप्रवेश्मनि ।
न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ॥१८४॥

अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् ।
वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ॥१८५॥

चर्मवारि न वै पेयं जात्या विप्रेण केनचित् ।
पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ॥१८६॥

स्नानं सन्ध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् ।
अकृत्वा वैश्वदेवं च कर्तव्यं नैव भोजनम् ॥१८७॥

साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत् ।
स्त्रीस्त्रैणसङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तरारयः ॥१८८॥

सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः ।
न द्रव्यसङ्ग्रहः कार्यः कारणीयो न केनचित् ॥१८९॥

न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित् ।
न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन ॥१९०॥

न च सङ्घं विना रात्रौ चलितव्यमनापदि ।
एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ॥१९१॥

HOME



अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यैश्च रञ्जितम् ।
न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयापि तत् ॥१९२॥
भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् ।
व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥१९३॥
पुमानेव भवेद्यत्र पक्वान्नपरिवेषणः ।
ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ॥१९४॥
तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम ।
अन्यथामान्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः ॥१९५॥
आर्षभो भरतः पूर्वं जडविप्रो यथा भुवि ।
अवर्ततात्र परमहंसैर्वृत्यं तथैव तैः ॥१९६॥
वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः ।
ताम्बूलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ॥१९७॥
संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः ।
प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च द्वादशाहिके ॥१९८॥
दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा ।
ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम् ॥१९९॥

स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् ।
निश्छद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा ॥२००॥
गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।
क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥२०१॥
दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च ।
देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु ॥२०२॥
इति संक्षेपतो धर्माः सर्वेषां लिखिता मया ।
साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ॥२०३॥
सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना ।
पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ॥२०४॥
इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः ।
यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ॥२०५॥
वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा ।
ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ॥२०६॥
नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः ।
बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ॥२०७॥

शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।
कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥२०८॥
वक्त्रभावे तु पूजैव कार्योऽस्याः प्रतिवासरम् ।
मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥२०९॥
युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका ।
आसुर्या सम्पदाढ्याय पुंसे देया न कर्हिचित् ॥२१०॥
विक्रमार्कशकस्याब्दे नेत्राष्टवसुभूमिते ।
वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥२११॥
निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमंगलं नः ॥२१२॥

• • •

# દૈનિક પ્રાર્થના

“હે દયાળુ ! આપ સદાય રાજી રહો એવું દિવ્યજીવન જીવવું છે; દયા કરો, દયા કરો, દયા કરો...”

સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન સદાય રાજી ક્યારે રહે ? તો આપણે એમનું ગમતું દિવ્યજીવન જીવીએ ત્યારે...એમનું ગમતું દિવ્યજીવન કોને કહેવાય ? તે આપણને ખબર નથી.

વળી, એમનું ગમતું દિવ્યજીવન આપણે આપણા બળે તો જીવી શકીએ તેમનથી, એમના બળે જ જિવાય તેમછે. તે માટે આપણા સૌનાય સુકાની, દિવ્યજીવનના રાહ પર ચલાવનાર, વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીએ મહારાજને ગમે તેવું દિવ્યજીવન જીવવા માટે જરૂરી ધ્યેય, પ્રાર્થનાના રૂપમાં આપ્યા છે.

તો દરરોજ પૂજામાં જ આ સાતેય વારની પ્રાર્થના, વાર મુજબ સાચા ભાવે, મહાપ્રભુ સમક્ષ કરીએ અને દિવસ દરમ્યાન મનન-ચિંતન દ્વારા તે પ્રમાણે વર્તવાનું અનુસંધાન રાખીએ.

## પ્રાર્થના શું છે ?

- પ્રાર્થના એ પ્રભુ પાસે આપણી ભૂલોનો એકરાર ને હવે પછી ભૂલો નહિ કરવાનો કરાર છે.
- પ્રાર્થના એ અંતરના ઊંડાણમાંથી નીકળતો આર્તનાદ છે.
- બરફ ઓગળતાં જેમ પાણી બને છે, એમ અહમ્ ઓગળતાં પ્રાર્થના નીકળે છે.
- ગદ્ગદભાવની પ્રાર્થના એ આંતરસમૃદ્ધિની વૃદ્ધિ માટેનું એકમાત્ર સાધન છે.
- પ્રાર્થના એ પ્રભુને રાજી કરવાની ભૂખ અને ગરજનું પ્રતીક છે.
- પ્રાર્થના એ આંતરિક દોષોને બાળવાનો જલદ તેજાબ છે.
- પ્રાર્થના એ નિર્દોષ ને નિષ્કપટી થઈ, હળવા ફૂલ જેવા થવાનો એકમાત્ર ઈલાજ છે.
- પ્રાર્થના એ પ્રભુના માર્ગે એકધારી પ્રગતિ કરવાનું પ્રેરક બળ છે.
- પ્રાર્થના એ કક્કા-બારાખડીમાંથી બનેલી શબ્દજાળ નથી, પણ પ્રભુના ઘરની આધ્યાત્મિક પરિભાષા છે.

# સોમવારની પ્રાર્થના

## ભગવાન ને સત્પુરુષનો મહિમા

**હે દયાળુ, હે સ્વામિનારાયણ ભગવાન...! આપ અને આપની કૃપાથી અમને મળેલા સત્પુરુષ એ આ લોકના નથી જ. દિવ્ય જ છો.**

**ક્યાં આપ ને ક્યાં હું...?**

**બસ, આવા દિવ્યભાવ અને મહિમાની જીવસત્તાએ હા પડાવી દો... નાથ, હા પડાવી દો. ક્યારેય અમારી બુદ્ધિ કે મન આપને માપવા પ્રયત્ન કરે જ નહિ... એવી દયા કરો.**

### મનન-ચિંતન અને દઢાવ માટે આટલું વિચારીએ :

- ભગવાન ને સત્પુરુષ ભલે દેખાય છે મારા જેવા પણ મારા જેવા નથી જ, એ તો માયાથી પરનું દિવ્ય સ્વરૂપ છે.
- એ જે સમયે જે કરે છે તે યોગ્ય છે. એમની કોઈ ક્રિયામાં સંકલ્પ કરનાર હું કોણ...?
- બસ ક્યાં એ ને ક્યાં હું ?

# મંગળવારની પ્રાર્થના

## પ્રગટભાવ અને અંતર્યામીપણું

**હે કરુણાના સાગર...! આપ અને આપના સત્પુરુષ સદાય પ્રગટ અને પ્રત્યક્ષ જ છો. મારું ક્ષણે ક્ષણનું બધું જ જાણો છો અને જુઓ છો. એવો પ્રગટભાવ અને અંતર્યામીપણું મને અખંડ રહે... ક્યારેય ભૂલી ન જઉં... એવી દૃઢતા કરાવો...**

### મનન-ચિંતન અને દૃઢાવ માટે આટલું વિચારીએ :

- અવરભાવમાં ભગવાન અને સત્પુરુષ ભલે મારી જોડે ન હોય, પરંતુ એ તો સદાય બધે પ્રગટ જ છે.
- મારી એક એક ક્રિયાને એ જોઈ રહ્યા છે...મારા એક એક સંકલ્પને એ જાણે છે.
- રખે ને એ કુરાજી થઈ જાય કે દુભાઈ જાય એવી કોઈ ક્રિયા કે વિચાર મારાથી થઈ ન જાય.

# બુધવારની પ્રાર્થના

## નિર્માનીપણું

**હે દયાળુ ! 'માન' રાખે એ આપને દીઠોય ગમતો નથી.. તો હે નાથ, કોઈ સેવામાં કે કોઈ ક્રિયામાં મને મારા સાધનનો, બુદ્ધિનો કે આવડતનો સંકલ્પ જ ન ઊઠે અને સૌની આગળ દાસભાવે નમતો રહી શકું એવું નિર્મળ જીવન આપો... દયાળુ, એવું નિર્મળ જીવન આપો.**

**મનન-ચિંતન અને દૃઢાવ માટે આટલું વિચારીએ :**

- માન બહુ ઝીણું છે માટે તેને ઓળખવા સૂક્ષ્મ દૃષ્ટિ રાખવી.
- ''આ કામ મેં કર્યું, કેવું સારું કર્યું... બીજા કોઈને આવું ન ફાવે...'' રખે ને આવા સંકલ્પ ન થઈ જાય... આનું નામ માન.
- ''હું કશું જ નથી... જે કાંઈ થાય છે કે આપણી પાસે કરાવે છે તે મહારાજ જ કરાવે છે... જો ભગવાનનું કર્તાપણું ભૂલી, અહંભાવનો અંકુર ઊઠી જશે તો મારું કરેલું બધું નકામું જશે.'' આવો વિચાર કરી સૌની આગળ દાસભાવે, રાંકભાવે વર્ત્યા કરવું.

# ગુરુવારની પ્રાર્થના

## સૌમાં દિવ્યભાવ

**હે કરુણાના સાગર...! આપના સંબંધવાળા સૌમાં આપ બિરાજો છો... માટે હે દયાળુ... મારાં વેણ, કવેણ કે વર્તને કરી કોઈ દુભાઈ ન જાય... એના દ્વારા આપ દુભાઈ ન જાવ... એવા નાનામોટા સૌ ભક્તોમાં દિવ્યભાવ દૃઢ કરાવો.**

**મનન-ચિંતન અને દૃઢાવ માટે આટલું વિચારીએ :**

- સૌમાં ભગવાન બિરાજે છે... એ ક્યારેય ન ભૂલવું.
- કદાચ કોઈમાં આવડત વધુ-ઓછી હોય... પણ આપણાથી જો એ દુભાઈ જાય તો... એનામાં રહેલા ભગવાન દુભાય.
- જો ભગવાન દુભાય તો આપણામાં શું માલ રહે?
- માટે કોઈનોય અપરાધ ન થઈ જાય તેવી બીક રાખી સૌનો મહિમા સમજી દિવ્ય ભાવે વર્ત્યા કરવું.

# શુક્રવારની પ્રાર્થના

## અભાવ-અવગુણથી છેટા રહેવું

**હે કૃપાસાગર...! કોઈનાય અભાવ, અવગુણ અને અમહિમાની વાત હું કદી કરી જ ન શકું, વિચારી જ ન શકું, સાંભળી જ ન શકું પણ સૌના ગુણ જ ગ્રહણ કર્યા કરું એવી મુજ સેવક પર દયા કરો.. દયા કરો.. દયા કરો..**

### મનન-ચિંતન અને દૃઢાવ માટે આટલું વિચારીએ :

- અભાવ-અવગુણની વાત એ મહાપાપ છે.
- અભાવ-અવગુણથી આસુરી બુદ્ધિ થઈ જાય અને ગુણ લેવાથી અંતર સાવ હળવું થઈ જાય છે.
- સૌનાય લેવાય એટલા ગુણ જ લેવા.
- કદાચ ક્યાંક અવગુણ લેવાઈ જાય તો અરેરાટી થઈ જવી જોઈએ... મનોમન ભગવાનને પ્રાર્થના કરી લેવી અને તે વ્યક્તિના ગુણોનું મનન કરી અવગુણને કાઢી નાખવો.

# શનિવારની પ્રાર્થના

## સરળ સ્વભાવ

**હે દયાળુ ! ઠરાવ રાખે તે આપને નથી ગમતો... તો આપના સત્પુરુષની આગળ તથા સૌ સંતો-ભક્તો આગળ હું ઠરાવ મૂકી સાવ સરળપણે વર્તી શકું એવી કૃપા કરો... કૃપા કરો... કૃપા કરો...**

**મનન-ચિંતન અને દૃઢાવ માટે આટલું વિચારીએ :**

- પંચવર્તમાન કે સિદ્ધાંતનો કે મોટાપુરુષની રુચિનો લોપ થતો ન હોય તેવી બાબતમાં બહુ પકડવાળો સ્વભાવ ન રાખવો.
- એકબીજાને અનુકૂળ અને અનુરૂપ થઈ જવું તો સંપ, શાંતિ અને આનંદ રહે.
- નાની નાની બાબતોમાં ઝાલ્યું છોડે નહિ એવા ઠરાવી સ્વભાવવાળા સાથે કોઈને ન બને તો ભગવાનને તો બને જ કેવી રીતે?

# રવિવારની પ્રાર્થના

## ક્રોધનો ત્યાગ

**હે મહારાજ ! દયાળુ ! આપને ક્રોધી ભક્ત તો દીઠોય ગમતો નથી. તો એ સ્વભાવનો ત્યાગ કરી સહજ ભાવે હું સૌની સાથે પ્રેમભર્યું જીવન જીવી શકું એવી મુજ પર દયા કરો... દયા કરો... દયા કરો...**

**મનન-ચિંતન અને દૃઢાવ માટે આટલું વિચારીએ :**

- મહાપ્રભુ જેમાં રાજી નથી એ ન જ જોઈએ. એવા પ્રબળ સંકલ્પે ખૂબ સાવધાની રાખવી કે ક્રોધ નથી જ કરવો.
- ક્રોધ હંમેશાં વિનાશ નોતરે છે.
- સૌની સાથે શાંતિથી, પ્રેમથી, હસતે મુખે રહેતાં અને કામ લેતાં

•••

# માનસીપૂજા

## પ્રથમ માનસીપૂજા (સમય : સવારે ૫થી ૭)

જુઓ પેજ નં. ૧૦

## દ્વિતીય માનસીપૂજા (સમય : સવારે ૧૦થી ૧૨)

મહારાજનાં ભારે, કીમતી વસ્ત્ર-અલંકારો ઉતારી, હળવાં વસ્ત્રો ધારણ કરાવવાં. ત્યારબાદ મહારાજને દિવ્ય બાજોઠ પર બિરાજમાન કરી, દિવ્ય થાળમાં વિવિધ પ્રકારની વાનગીઓ જેમ કે, ભાત-ભાતનાં પકવાન, વિવિધ શાક, રોટલી, પૂરી, ફરસાણ, દાળ-ભાત, અથાણાં, કચુંબર, છાશ વગેરે ખૂબ પ્રેમથી પીરસવું અને ભાવપૂર્વક જમાડવા. ત્યારબાદ મહારાજને જળ ધરાવી તજ, લવિંગ, ઈલાયચી, ધાણાદાળ, વરિયાળી આદિ તેજાનાથી પાનબીડાં બનાવી ધરાવવાં. પછી મહારાજને સુંદર ઢોલિયા ઉપર તૈયાર

કરેલી શૈયા ઉપર પોઢાડવા અને ચરણસેવા કરવી. મહારાજને પોઢાડ્યા બાદ અક્ષરઓરડીનાં દ્વાર બંધ કરી બીજી ક્રિયા કરવી.

## તૃતીય માનસીપૂજા (સમય : બપોરે ૪થી ૫)

અક્ષરઓરડીમાં મહારાજને દંડવત્ પ્રણામકરી જગાડવા. મહારાજને મુખપ્રક્ષાલન કરાવી સુંદર બાજોઠ ઉપર બિરાજમાન કરવા. ત્યારબાદ મહારાજને સૂકો મેવો, ફ્રૂટ, તડબૂચ, ટેટી, કેળાં, સફરજન વગેરે પ્રેમથી આગ્રહપૂર્વક જમાડવાં તેમજ કેરી, ચીકુ, નારંગી, અનાનસના વિવિધ જ્યૂસ ધરાવવા. ત્યારબાદ શુદ્ધ જળ ને મુખવાસ ધરાવી ભારે-ભારે વસ્ત્રો-અલંકારો ધારણ કરાવવાં. પછી મહારાજને સભામાં સૌને લાભ આપવા આગ્રહપૂર્વક લઈ જવા.

## **ચતુર્થ માનસીપૂજા** (સમય : સાંજે ૬થી ૮)

મહારાજને સભામાંથી અક્ષરઓરડીમાં લાવી ભારે ભારે અલંકાર-વસ્ત્રો ઉતારી હળવાં-હળવાં વસ્ત્રો ધારણ કરાવવાં. મહારાજને હસ્ત, મુખ, ચરણપ્રક્ષાલન કરાવી જમાડવા માટે સુંદર બાજોઠ ઉપર બિરાજમાન કરવા. ત્યારબાદ (મહારાજને હળવા થાળ જમાડવા) પૂરી, પૂડલા, દાળવડાં, ખમણ, ભાખરી, દૂધ વગેરે વાનગીઓ પીરસી ખૂબ પ્રેમથી જમાડવા. ઝાઝું ઘી નાખી મહારાજને ખીચડી જમાડવી. પછી મહારાજને મુખ પ્રક્ષાલન કરાવી જળ ધરાવી મુખવાસ આપવો. ત્યારબાદ ભારે-ભારે વસ્ત્રો-અલંકારો ધારણ કરાવી સભામંડપ મધ્યે સિંહાસન પર બિરાજમાન કરાવવા અને સંધ્યા આરતી ઉતારવી.

## **પાંચમી માનસીપૂજા** (સમય : રાત્રે ૮થી ૧૧)

મહારાજ અક્ષરઓરડીમાં પધારે ત્યારે ભારે વસ્ત્રો ઉતારી શ્વેત ધોતી-ઉપરણી ધારણ કરાવવી. મહારાજ માટે સુંદર સુખશૈયા તૈયાર કરી ઢોલિયા ઉપર મહારાજને બિરાજમાન કરવા. દિવસ દરમ્યાન કરેલી ભૂલોની માફી માંગી મહારાજને કેસર, બદામ, ઈલાયચી યુક્ત દૂધ ધરાવવું. ત્યારબાદ મહારાજને જળ ધરાવી પોઢાડવા. મહારાજની ચરણસેવા કરવી. ત્યારબાદ મહારાજ યોગ-નિદ્રા ગ્રહણ કરે પછી દંડવત્ પ્રણામ કરી પોઢવું.

●●●

# મહાપૂજા વિધિ

## પ્રારંભ પૂર્વેનો શ્લોક

શ્રીજી આજે પધાર્યા કરી અધિક દયા, મૂર્તિમાં રાખવાને,
જીવોને દેખી દુઃખિયા કરી અતિ કરુણા, આપદા હરવાને;
વ્હાલાના રોમેરોમે અતિ અતિ સુખ છે, તેહને પામવાને,
વંદું ધ્યાવું શ્રીહરિને નિશદિન સમરું, સુખમાં થીજવાને..૧
બાપા આપ સદાય દિવ્ય રૂપે, ભેળા જ છો સર્વદા,
બાપા બાળક આપનાં અમ સહુ, તેને ભૂલો નહિ કદા;
બાપા આપ આ સમયમાં, આવી બિરાજ્યા અહીં,
બાપા બિરદ આપનું ઉર ધરી, રાખ્યા સદા મૂર્તિ મહીં..૨
બાપા આપ મનુષ્ય સ્વરૂપે, જેવાં સુખો આપતા,
બાપા દિવ્ય નવીન સુખ તેવાં, આજે અમો માંગતા;
બાપા આનંદ આજ ઉર ઊલટે, તેથી સહુ ડોલતા,
બાપા ને ઘનશ્યામ કેરી જય હો, મુખે ઘણા બોલતા..૩

## આહ્‌વાન મંત્ર

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિન્ધો સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ ભગવન્ દેવ સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજા કરિષ્યામિ, સદા ત્વં સન્મુખોભવ ॥

## મંગલાચરણ શ્લોકો (શાર્દૂલવિક્રીડિત છંદ)

આદૌ પ્રેમવતીવૃષાંગજનનમ્, સન્નૈકતીર્થાટનમ્,
દષ્કર્મોપશમં ચ સાધુશરણમ્ સદ્ધર્મસંસ્થાપનમ્।
હિંસાવર્જિતભૂરિયજ્ઞકરણમ્, મૂર્તિ પ્રતિષ્ઠાપનમ્,
આર્યસ્થાપનમક્ષરાખ્યગમનમ્, સત્સંગિ સજ્જીવનમ્ ॥૧॥
સત્તેજોક્ષરધામ દિવ્ય વસતિમ્, શ્રી સ્વામિનારાયણમ્,
અનાદિ સ્વકલીનકં સુખકરમ્, પ્રત્યક્ષ વૈદેહિનમ્।
પ્રત્યક્ષં મનુવિગ્રહં નિજજને, ભ્યોમૂર્તિ સત્શર્મદમ્;
રોમૈશ્વર્ય મુદા ક્ષરાદ્યસુખદમ્, ધ્યાયે સદા સ્વામિનમ્॥૨॥

દિવ્યં શ્રી ઘનશ્યામ કં શરણ દમ્, કૈશોર મૂર્તિ પરમ્,
તેજઃ પુંજ મુખારવિંદ સહજમ્, ધર્મસ્ય ભક્તેઃ પ્રિયમ્ ।
દિવ્યા ભૂષણ વસ્ત્ર ભૂષિત પ્રભુમ્, સત્સંગિ પૂજ્યં સદા;
કુંકું કેસર ભાલ ચન્દ્ર તિલકમ્, હર્ચ્યે સદા સ્વામિનં ॥૩॥
વાણી મંગલરૂપિણી ચ હસિતમ્ યસ્યાસ્તિ વૈ મંગલમ્,
નેત્રૈ મંગલદેચ દોર્વિલસિતં નૃણાં પરં મંગલમ્ ।
વક્ત્રં મંગલકૃચ્છ પાદચલિતમ્ યસ્યાખિલં મંગલમ્,
સોશ્ચયં મંગલમૂર્તિરાશુ જગતો નિત્યમ્ ક્રિયાન્મંગલમ્ ॥૪॥
કલ્યાણા કર મુત્ત રાષ્ટ શતકમ્, યત્પ્રાર્થના સ્તોત્રકમ્,
ધર્માર્થાદિ ફલં ત્રિતાપ શમનમ્, સર્વોન્નતે શાન્તિ દમ્ ।
પ્રેતાદ્યાભિચરાખ્ય ભીતિ શમનમ્, તત્સંસૃતેર્નાશકમ્;
ભક્તાનામભયં કરં સુખકરમ્, વંદે સદા સ્વામિનમ્ ॥૫॥
વર્ણીવેશરમણીયદર્શનમ્ મંદહાસ્ય-રુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહમ્ વિચિન્તયે ॥

# સ્વામિનારાયણ નામાવલિ

૧ શ્રી હરિકૃષ્ણાય નમઃ
૨ શ્રી સહજાનંદાય નમઃ
૩ શ્રી ઘનશ્યામાય નમઃ
૪ શ્રી ન્યાલકરણાય નમઃ
૫ શ્રી મહાપ્રભવે નમઃ
૬ શ્રી સ્વામિનારાયણાય નમઃ
૭ શ્રી ભક્તિનંદનાય નમઃ
૮ શ્રી નીલકંઠવર્ણયે નમઃ
૯ શ્રી શ્રીજીમહારાજાય નમઃ
૧૦ શ્રી પૂર્ણાર્થાય નમઃ
૧૧ શ્રી વૃષનંદનાય નમઃ
૧૨ શ્રી હરયે નમઃ
૧૩ શ્રી સ્વામિને નમઃ
૧૪ શ્રી સર્વોપરી સ્વરૂપાય નમઃ
૧૫ શ્રી સદ્‌ગુરુ ગુરવે નમઃ
૧૬ શ્રી સર્વાવતારીણે નમઃ
૧૭ શ્રી સદાસાકારાકૃતયે નમઃ
૧૮ શ્રી સદાનંદ ઘન સ્વરૂપાય નમઃ
૧૯ શ્રી શુદ્ધાય નમઃ
૨૦ શ્રી સર્વ કારણ કારણાય નમઃ
૨૧ શ્રી મહારાજાધિરાજાય નમઃ
૨૨ શ્રી જન્માજન્મને નમઃ
૨૩ શ્રી નિયામકાય નમઃ
૨૪ શ્રી સકલજ્ઞાય નમઃ
૨૫ શ્રી સદા પ્રાકટ્ય સ્વરૂપાય નમઃ
૨૬ શ્રી શાન્તાકૃતયે નમઃ
૨૭ શ્રી સ્વતંત્રાય નમઃ
૨૮ શ્રી મહાતેજાક્ષરધામાધિપતયે નમઃ
૨૯ શ્રી સ્વમૂર્તિ પ્રદાત્રે નમઃ
૩૦ શ્રી સ્વસર્વોત્તમધામદાય નમઃ
૩૧ શ્રી દિવ્યાતિદિવ્યાય નમઃ
૩૨ શ્રી નિર્દોષાય નમઃ
૩૩ શ્રી વ્યતિરેક સ્વરૂપાય નમઃ
૩૪ શ્રી સંકલ્પસ્વરૂપાય નમઃ
૩૫ શ્રી અતિપૂતાય નમઃ
૩૬ શ્રી મૂર્તિસ્વરૂપાત્મક સુખદાય નમઃ

૩૭ શ્રી નિત્યમુક્ત સ્થિતિ કરાય નમઃ
૩૮ શ્રી અનાદિ સ્વલીન સ્થાય નમઃ
૩૯ શ્રી પરમએકાંતિક સન્મુખાય નમઃ
૪૦ શ્રી સર્વાતિમુક્તાધિપતયે નમઃ
૪૧ શ્રી તેજોંશી અન્વય સ્વરૂપાય નમઃ
૪૨ શ્રી સકલાક્ષરાદ્ય રોમૈશ્વર્ય દાત્રે નમઃ
૪૩ શ્રી સત્ય પ્રતિજ્ઞાય નમઃ
૪૪ શ્રી વ્યાપ્તાનંત સત્કીર્તયે નમઃ
૪૫ શ્રી સ્વામિનારાયણ નામકરણાય નમઃ
૪૬ શ્રી સ્વનામ મહત્ત્વ દર્શકાય નમઃ
૪૭ શ્રી સ્વામિનારાયણ ધર્મ પ્રસ્તોત્રે નમઃ
૪૮ શ્રી પ્રૌઢ પ્રતાપાશ્રિત સુખદાય નમઃ
૪૯ શ્રી સદ્યઃસમાધિ સ્થિતિકરાય નમઃ
૫૦ શ્રી નિત્યાત્યંતિક મોક્ષદાય નમઃ
૫૧ શ્રી પરબ્રહ્મવિદ્યા પ્રદાય નમઃ
૫૨ શ્રી પ્રતિમા સ્વરૂપ સદાપ્રત્યક્ષાય નમઃ
૫૩ શ્રી દિવ્યાતિશાંતિ પ્રદાય નમઃ
૫૪ શ્રી દિવ્યાભૂષણ વસ્ત્ર ભૂષિતાય નમઃ
૫૫ શ્રી સ્વસંત-ભક્ત મહિમા કરણાય નમઃ
૫૬ શ્રી સ્વસંગ સંગી સુખદાય નમઃ
૫૭ શ્રી અંતઃશત્રુ નિવારકાય નમઃ
૫૮ શ્રી ઉપશમ સ્થિતિકારકાય નમઃ
૫૯ શ્રી આસ્તિક્ય પ્રદાય નમઃ
૬૦ શ્રી વર્તમાન ધર્મ પ્રવર્તકાય નમઃ
૬૧ શ્રી માયાકાલ વિભેદકાય નમઃ
૬૨ શ્રી ધ્યાનાતિપ્રિયાય નમઃ
૬૩ શ્રી સર્વજીવહિતકાય નમઃ
૬૪ શ્રી અબુદ્ધિ વિધ્વંસકાય નમઃ
૬૫ શ્રી સદ્‌બુદ્ધિ પ્રદાય નમઃ
૬૬ શ્રી દીર્ઘદર્શીને નમઃ
૬૭ શ્રી ક્ષાન્તાનિધયે નમઃ
૬૮ શ્રી કલીતારકાય નમઃ
૬૯ શ્રી ચેતોનિગ્રહ યુક્તિવિદે નમઃ
૭૦ શ્રી નિજજનોદ્ધારિણે નમઃ
૭૧ શ્રી સદા સત્પોષકાય નમઃ
૭૨ શ્રી દૈત્યાનાં ગુરુ મોહકાય નમઃ
૭૩ શ્રી અહિંસા મખઃ પોષકાય નમઃ
૭૪ શ્રી પરમહંસ પ્રીતિયુક્તાય નમઃ
૭૫ શ્રી નિર્લોભાય નમઃ
૭૬ શ્રી જિતેન્દ્રિય પ્રિયતરાય નમઃ

૭૭ શ્રી તીવ્ર સુવૈરાગ્યાય નમઃ
૭૮ શ્રી સત્શાસ્ત્રઃ વ્યસનાય નમઃ
૭૯ શ્રી તપઃપ્રિયતરાય નમઃ
૮૦ શ્રી ધૈર્યાન્વિતાય નમઃ
૮૧ શ્રી નિર્દંભાય નમઃ
૮૨ શ્રી મહાવ્રતોન્નતિકરાય નમઃ
૮૩ શ્રી નૈષ્ઠિકધર્મ પોષણકરાય નમઃ
૮૪ શ્રી સદ્‌ધાર્મિકત્વ પ્રદાય નમઃ
૮૫ શ્રી પ્રાગલ્ભ્યાય નમઃ
૮૬ શ્રી અપરાજિતાય નમઃ
૮૭ શ્રી અતિકરુણાક્ષાય નમઃ
૮૮ શ્રી અધર્મ વિધ્વંસકાય નમઃ
૮૯ શ્રી યાતાહંકૃતયે નમઃ
૯૦ શ્રી યાતનિદ્રાય નમઃ
૯૧ શ્રી નિર્મત્સરાય નમઃ
૯૨ શ્રી નિસ્પૃહાય નમઃ
૯૩ શ્રી ભક્તાનાં કવચાય નમઃ
૯૪ શ્રી ષડૂર્મિ વિજયાય નમઃ
૯૫ શ્રી જિહ્વા સ્વાદજિત પ્રિયાય નમઃ
૯૬ શ્રી સુકોમલાય નમઃ
૯૭ શ્રી સુમધુર વાગ્મિને નમઃ
૯૮ શ્રી નિત્યોદારાય નમઃ
૯૯ શ્રી સુભક્તિ પોષણ કરાય નમઃ
૧૦૦ શ્રી દિવ્ય શ્રવણ કીર્તનાય નમઃ
૧૦૧ શ્રી અદ્રોહાય નમઃ
૧૦૨ શ્રી કૃપાનિધયે નમઃ
૧૦૩ શ્રી અજાત શત્રવે નમઃ
૧૦૪ શ્રી અતિ નિર્માન પ્રિયાય નમઃ
૧૦૫ શ્રી સાધુશીલ હૃદયાય નમઃ
૧૦૬ શ્રી ધર્માર્થાદિ ફલપ્રદાય નમઃ
૧૦૭ શ્રી ભક્તવત્સલાય નમઃ
૧૦૮ શ્રી સર્વૈવ મંગલ દિવ્ય મૂર્તયે નમઃ
શ્રી અબજીબાપાશ્રીયૈ નમઃ
શ્રી ગોપાલનંદ મુનિયૈ નમઃ
શ્રી સદ્‌ગુરવે નમઃ
શ્રી સર્વ મુક્તમંડલાય નમઃ
બોલો, સહજાનંદ સ્વામી મહારાજની જય

# પૂર્ણાહુતિ પ્રાર્થના

તારી ઈચ્છા વિના તો કાંઈ થાય નહિ,
વિના મરજીથી તૃણ તોડાય નહિ;
તમે કર્તા બનો રે ઘનશ્યામજી,
તો જ થાયે મારી પૂરી હામજી...તમે૦ટેક

છેલ છોગાળા ભેળા ભળો તો, શુભ સંકલ્પ પૂરણ થાશે;
દીનબંધુ તમે દયા કરો તો, કામ તુરત સુફળ થાશે;
શ્રીજી તારી કૃપા પર વાત છે,
મુને મળ્યા પ્રભુ સાક્ષાત્ છે...તમે૦૧

ઓ મારા સ્વામી વિનવું વારંવાર, આપ સંકલ્પે સહાય કરજો;
દાસાનુદાસના પ્યારા ઘનશ્યામજી, દાસ ગણી બેડો પાર કરજો;
ભલે સભાને એ સમજાઈ જાય,
અહંભાવે તો કાંઈ ન કામ થાય...તમે૦૨

● ● ●



ગુરુવર્ય પ.પૂ. બાપજી　　વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી

અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ, સર્વે તેને નિત્ય કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું. અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે.

- ગઢડા છેલ્લાનું ૧લું વચનામૃત

ભગવાનના ભકતને તો જેટલું દુ:ખ થાય છે તે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.

- ગઢડા પ્રથમનું ૩૪મું વચનામૃત

**- ભગવાન શ્રી સ્વામિનારાયણ**


**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ**

**સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર**

**ફોન : (૦૭૯) ૨૩૨૧૩૦૫૨,૫૩,** Email : ssd@in.smvs.org